श्री जैन धर्मो जयति.

શ્રી જૈન ગુણ સંગ્રહ

રચનાર

પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી ગણીના

શિષ્ય મુનિરાજ માણેકવિજયજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

માસ્તર. બાલાભાઈ છગનલાલ.

અમદાવાદ.

અમદાવાદ સમાચાર છાપખાનામાં શા. ગો-
કળદાસ મોતીચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૫૮. સન ૧૯૦૨.

કીંમત. રૂ. ૦—૨—૦.

પ્રસ્તાવના.

સુજ્ઞ જૈન બંધુઓ, આ પુસ્તકની અંદર દીપાલિકા દેવવંદન તથા ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીજીના પંચકલ્યાણકનું સ્તવન, તથા સત્તાવીશ ભવનું સ્તવન તથા મલ્લિનાથજીની વિનંતી તથા શ્રી સિદ્ધાચળજીનાં સ્તવનો તથા ચોવીશ તીર્થંકરોનાં સ્તવનો તથા પજુસણ વગેરેની ગુંહુળીઓ તથા થોયો, છંદ વગેરેનો સમાવેશ કરેલો છે તે મુનિરાજ શ્રી પન્યાસ પ્રતાપવિજયજી ગણીના શિષ્ય મુનિરાજ માણેકવિજયજીના બનાવેલાં તેમની પાસે હતાં તેમને વિનંતી કરવાથી મહારાજ શ્રીએ મારી નમ્ર વિનંતી યોગ્ય ધારી મને આપવાથી આપણા બાળ જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. વળી તેની અંદર ભૂલ ચુક વગેરે સુધારવામાં ઘણાજ ખંતથી પરિશ્રમ લીધો છે તે વાસ્તે હું વારંવાર તેમનો ઘણાજ પ્રેમ પૂર્વક ઉપકાર માનું છું.

આ પુસ્તકની અંદર દીપાલિકા દેવવંદન છપાવેલ છે તે આપણા સર્વે જૈની ભાઇઓને દીપાલિકા પ્રસંગે વાંચવા યોગ્ય છે.

આ પૂસ્તક છાપતાં કાંઇ ભૂલ ચૂક રહી ગઈ હોય તો તે વાંચનાર સજ્જનો તેની શુદ્ધિ પત્રીકા જોઇને તથા દૃષ્ટિ દોષથી રહેલી ભૂલો સુધારીને વાંચવા તસ્દી લેશો ને તે દોષની મને માફી બક્ષસો. પ્રસિદ્ધ કર્તા.

શા. બાલાભાઈ છગનલાલ.

જાહેર ખબર.

ધર્માભિલાષી જૈન બંધુઓ.

નમૃતા પૂર્વક જણાવવાનું કે અમારા તરફથી થોડા વખતમાં એક સુંદર મનોરંજક પુસ્તક છપાઈ બહાર પડનાર છે આ પુસ્તકની અંદર પંન્યાસ શ્રી પ્રતાપ વિજયજી ગણીના શિષ્ય મુનિરાજ શ્રી માણેક વિજયજી મહારાજનું બનાવેલું મુનિરાજ શ્રી ગુમાન વિજયજી મહારાજનું નિર્વાણ સુંદર રાગ રાગણી સાથે પંદર પંદર ગાથાની પંદર ઢાળોનું તેનો થોડો ભાગ અધુરો હોવાથી તે રચાઇ પૂરો થએથી થોડા કાળમાં છપાઈ બહાર પડશે તે તે પુસ્તકની અંદર મુનિરાજ ગુમાન વિજયજી માહારાજની છબી પણ મૂકવામાં આવશે.

લી. સેવક.

શા. બાલાભાઇ છગનલાલ.

અનુક્રમણિકા. પૃષ્ઠ.

શ્રી દીપાલિકા દેવવંદન વિધિ.

પ્રથમ ઇરિયાવહી પડિક્કમી માહાવીર સ્વામીનું પહેલું ચૈત્યવંદન કહેવું. પછી નમુથ્થુણં પછી અડધા જયવીયરાય આભવ મખડાં સુધી કહેવા પછી માહાવીર સ્વામીનું બીજું ચૈત્યવંદન પછી નમુથ્થુણં પછી અરીહંત ચેઇયાણં અન્નથ્થ. એક નવકારનો કાઉસગ્ગ ઉપર થાય કહેવી એમ અનુક્રમે માહાવીર સ્વામીના પહેલા થાયોના જોડા કહેવો પછી નમુથ્થુણં અરીહંત ચેઇયાણં પ્રમુખ પ્રથમની રીતે માહાવીર સ્વામીના બીજો થાયોના જોડા કહેવો પછી નમુથ્થુણં, જાવંતિ ચેઇયાઈ, જાવંત કેવીસાહુ, નમો-હુત્‌ કહી માહાવીર સ્વામીનું સ્તવન કહેવું પછી અડધા જયવીયરાય કહેવા પછી માહાવીર સ્વામીનું ત્રીજું ચૈત્યવંદન કહી નમુથ્થુણં કહી પુરા જયવીયરાય કહેવા એજ રીતે ગૌતમ સ્વામીના દેવ વાંદવા પછી ઉપર દીવાળીનું ગીત કહેવું. ઇતિ શ્રી દીપાલિકા દેવવંદન વિધિ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૧	મવરિતં	મવિરતં
૨	૧૦	ધરનેરશ્વર	ધરનરેશ્વર
૪	૧૧	ભવાચ્	ભવાત્
૮	૧૭	સુખધણા	સુરધણા
૨	૫	લીધો	લીધો
૪	૧૧	વિહાલ	નિહાલ
૧૦	૨૩	ચાદસે	ચૌદસે
૧૪	૧૯	સૂણિઅજીરે	સુણિઅજીરે
૧૫	૮	પરવાયુષ	પૂરવાયુષ
૨૦	૧	બૂટીયુંરે	ખૂટીયુંરે
૨૧	૨૧	તારંક	તારકં
૨૬	૧	નદ	નંદ
૩૦	૨૩	સ્વયભૂ	સ્વયંભૂ
૩૮	૫	પ્રહાર	પ્રકાર
૩૮	૧૬	કલ્પસત્ર	કલ્પસૂત્ર
૪૧	૫	સુર્ધમા	સુધર્મા
૪૧	૧૨	ચરણકમલ	ચરણકરણ
૫૦	૨૨	જગચંદ	વંદજગચંદ
૫૧	૨	સંચય	સંચયહરણ

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫૨	૨	દર્શાન	દર્શા
૬૮	૧૯	વાવન	પાવન
૭૨	૮	સુખકારોરે	સુખસારોરે
૭૫	૨૧	વીરવિભુ	વીરવિભુ

શ્રી જિનેંદ્રપૂજા સંગ્રહમાં આવેલી પૂજાઓની નોંધ.

૧ સ્નાત્ર પૂજા,
૨ અષ્ટપ્રકારી પૂજા,
૩ પંચ કલ્યાણક પૂજા,
૪ પંચજ્ઞાન પૂજા,
૫ નવપદ પૂજા,
૬ દ્વાદશ ભાવના પૂજા,
૭ સત્તરભેદી પૂજા,
૮ વીશ સ્થાનકની પૂજા,
૯ એકવીશ પ્રકારી પૂજા.

श्री जैन गुण संग्रह.

॥ अथ मंगलाचरणं ॥

॥ शिखरिणी वृत्तं ॥

नमु न्नक्तिन्नावे रुषन्नजिन शांति अघहरो ॥
तथा नेमीपार्श्व प्रन्नु मम सदा मंगल करो ॥
महावीर स्वामी न्नुवनपति कापो कुमतिने ॥
जिना शेषा जे ते सकल मुज आपो सुमतिने॥१॥

॥ श्लोकः ॥

स्तौम्यहं न्नारतीं देवीं खलु शंखार्जुनछविं ॥
बालानां जाड्य संदोह हारिणीं शेमुषीप्रदां ॥१॥

॥ अथ श्री चतुर्विंशतिजिन स्तुतिः ॥

॥ द्रुतविलंबित वृत्तानि ॥

विकच पंकज सुंदर लोचनं ॥ धवल शारद चंद्र समाननं ॥ शुचितरं खलु नान्निन्नवं जिनं ॥ विन्नवदं न्नवदं प्रणिदध्महे ॥१॥ अन्नजदाशु न्नवांबुधि तारकं ॥ यतितति जितमानससंन्नवा ॥

॥ यमजितं तमहं प्रणमाम्यज ॥ मवि[illegible]रतं विरतं शिवशातदं ॥ २ ॥ निहतकर्मकदंबक संभव ॥ भवदवानलदाहबलाहक ॥ कलुषशैलपवेऽखिल दुःखह ॥ दमितरुग् मितरुग् जिन रक्ष मां ॥३॥ जनिमहं किल यस्य बिभौजसो ॥ जगदिनस्य वितेनु रनुत्तरं ॥ दिशतु वोऽभिमतान्यभिनंदनः ॥ सशिवरोऽशिवरोगविदारकः ॥ ४ ॥ मनुजनागसुपर्वपुरंदरैः सुमतिदाय नमो महिताय ते ॥ जनितजन्मजरामृतिहानये ॥ ऽस्तु सुमते सुमतेश्वर सर्ववित् ॥ ५ ॥ धरनरेश्वरनंदन केवलिन् ॥ रमणवारणदारुणकेसरिन् ॥ मम सुखं दिश नूतनभानुभा ॥ ऽवृजिनवा जिन वासववंदित ॥६ ॥ स्वबलनिर्जितरागमदद्विषं ॥ शमसुधारस सिंधुमनारतं ॥ नर सुपार्श्वजिनं गुणमंदिरं ॥ नम हितं महितं त्रिदशेश्वरैः ॥ ७ ॥ जिनपतेर्महसेनसुतस्य वो ॥ ऽभिमत मातनुता चरणद्वयी ॥ वरविकस्वरपंकजकोमला विमलतामलता

मरसेगता ॥ ८ ॥ विधुसितं विधुतारिण मानम ॥
सकलसाधुनतक्रमपंकजं ॥ सुविधिनाथ मिलातल
भूषणं ॥ प्रवरसंवरसं सुखदायकं ॥ ए ॥
परम पादयुगं जिन शीतल ॥ तव विभो वरभक्ति
भृतामरं ॥ हरतु पापकलाप मलंघन॥ भवनपावन
पारगतानघ ॥ १० ॥ अजनि यस्य सुपर्वनदीव-
गौः॥ शिवकराम्बरसाधिपसंगमा ॥ प्रणिदधे वर
विष्णुनृपांगजं॥ गतमलं तमलं परमेष्ठिनं॥ ११ ॥
जिनपते वसुपूज्यनराधिप॥ सुत ममातनु कोविद
सेवित ॥ शिवरमां परमां गरिमालय॥ दितमदो-
त्तम दोषविवार्जित ॥ १२ ॥ भविकचेतनशर्म-
कृते ललौ ॥ भुवि जनु र्भवभीतिविभेदकः ॥
य इतकर्मचयोऽवतु वो जिनः ॥ स विमलो वि
मलोऽमलबोधदः ॥१३॥ जन जिनं स्मर वीतम-
दस्मरं ॥ पर मनंत मनंतगुणालयं ॥ रुचिर हेमरु-
चिं हरिचर्चितं ॥ नरहितं रहितं दुरितव्रजैः ॥१४॥
भवतु धर्मजिनो भविकाय वो ॥ ऽमृतसमानवचा

मनुजोत्तमः॥ वृजिनवृक्षकुठार भदारहृद् ॥ मरण
वारणवारणशात्रवः ॥ १५ ॥ ममसुधाशन
दानवमानव ॥ प्रणतपादपयोज महेश्वर ॥ दलय
शांतिजिनाऽशुभसंचयं॥ वरविभो रविभोत्सव-
दायक॥१६॥ निखिलदुष्कृतमेघसदागतिं ॥ कुशल
वारलतामुदिरं नराः॥ स्मरत कुंथुजिनं गुणवारि-
धिं ॥ नरवरं रवरंजितविष्टपं ॥१७॥ शमितपाप-
रजोपटलं प्रभुं ॥ भवसमुद्रपतज्जनतारकं ॥ बल-
रिपुप्रणतं नर सत्वरं ॥ जिन मरं नम रम्यपद-
प्रदं ॥१८॥ प्रणम मल्लिजिनं जन तं भवा॥ भ-
विपदं विपदंतकरं हि यं ॥ अनमदाहितविष्टपमं-
गलं ॥ सुरवधू रवधूतभवामयं॥१९॥ सकलमान-
वमान्यमतो जिनो ॥ ऽतिशयवृंदयुतो भवतो
भवात् ॥झटिति पालयता न्मुनिसुव्रतो॥ ऽसमदमो
मदमोहविनाशकः ॥२०॥ दुरितदोषसमिंधनपा-
वक॥ भविशरीरिसमोहितदायक॥ विषमबाणभु-
जंगखगेश्वर ॥ भव नमे ऽवन मे भवहानये ॥२१॥

अन्नयदो हरिवंशसरिस्पतीं ॥ डुर करो त्सुखिनं यडु संचयं॥ दलितदर्पकदर्पचयो हि यः॥ स न्नवतो न्न-वतोऽवतु नेम्यजः ॥ २२ ॥ विगतशोकतमोमद-घर्घर ॥ निधंनजन्मजरारतिकिल्बिष ॥ वितर पा-र्श्व विन्नो शिवशर्म मे । सुनयना ऽनयनाशकरा ऽन्नय ॥२३॥ चरम तीर्थकृतं हरिलांछनं ॥ नमतरां गुणरत्नमहार्णवं ॥ विशदधर्मधुरीण मिनं जना शुसुरवं सुरवंदितपत्कजं ॥२४॥ माणिक्यवि-जयाख्येन॥ मुनिना परया मुदा॥ इदं स्तोत्रं जि-नेन्द्राणां ॥ निर्मितं शिवशर्मदं ॥२५॥ इति ॥

॥ श्री दीपालिका देव वंदनं ॥

॥ श्री वीर चैत्यवंदनं ॥

वीर जिनेश्वर केवली ॥ नयरी अ-पापा आया ॥ हस्तिपाल रज्जुकसन्ना चरमचो मासुं गया ॥१॥ कार्तिक मास अमावसी ॥ रज नीए जगन्नाण॥ सोल पहोर दइ देशना॥ पहोत्या पद निर्वाण ॥२॥ न्नावोद्योत गयो प्रन्नु ॥ जिनमा-

णक शिवगण ॥ उद्योद्योत दीपालिका ॥ करता गणराजान ॥३॥ इति प्रथम चैत्यवंदनं ॥१॥

अथ द्वितीय चैत्यवंदनं॥ मानवदानव देवता॥ मलिया कोमाकोड॥ कल्याणक महिमा तदा॥ करता होडाहोम॥१॥मेराइयां हाथे ग्रह्यां ॥ दीपकमाला कीध॥४॥दीवाली ते दिनथकी॥जगमां थइ परसिद्ध २ जिनमाणक महावीरनुं॥ शिवकल्याणक एह ॥ लाखकोमीफल छठ करी ॥ आराधो गुणगेह॥३॥

॥ अथ तृतीय चैत्यवंदनं ॥

ज्ञातकुलांबरचंद्रमा ॥ त्रिशलानंदन वीर ॥ हरिलंछन वर सातहाथ ॥ कंचनवर्ण शरीर ॥१॥ तीश वर्ष घरमां वसी ॥ लहि चारित्र प्रधान ॥ बार वर्ष छद्मस्थ रही ॥ पाम्या केवलज्ञान ॥२॥ तीश वर्ष प्रभु केवली ॥ बहोतेर वर्षनुं आय॥ पाली दीवाली दिने॥ जिनमाणक शिव जाय॥३॥इति ॥

॥ अथश्रीवीरस्तुतिः ॥

शांति जिनेश्वर समरिये ॥ ए चाल ॥ त्रि-

शलानंदन केवली महावीरजिणंद ॥ सोलपहोरनी देशना दीधी सुखकंद ॥ नवमल्लकि नवलेच्छकी सुणी गणराजिंद ॥ योग निरोधी पामिया प्रज्ञु पदमहानंद ॥१॥ आदीश्वर मुक्ति गया करी षट उपवास ॥ बावीश शिवपदवी लह्या करो अणसण मास ॥ वीर महोदयने वरया छठ तप करी खास ॥ कार्तिकमास अमावसी स्वाति चंद्र विला-स ॥२॥ पुण्यपापफल केरडां अध्ययन उदार ॥ एकशत दश प्रज्ञु जाखियां जविजन हितकार ॥ उत्तराध्ययन प्रकाशियां छत्रीश प्रकार ॥ ते आ-गमने सांजली लहो जवजलपार ॥३॥ देव देवी मलीने करे उच्छव परधान ॥ गौतम इंद्रजूति ल-हे वर केवलज्ञान ॥ मातंगजक्ष सिद्धायिका सवि संकट चूरे ॥ मुनिमाणक सहु संघनां मन वां-छित पूरे ॥ ४ ॥ इतिश्रीवीरस्तुतिः ॥

॥ अथ द्वितीय श्रीवीरस्तुतिः ॥

॥ उपजाति वृत्तं ॥ अनंत विज्ञान रमानि-

धानं॥ प्रशस्यप्राज्यातिशयप्रधानं॥ स्वयंभुवं मंदरशैलधीरं॥ नवीमि वीरं भवतापनीरं॥१॥ कंदर्पमातंगवधे मृगेंद्रा॥ मोहांधकार क्षपणे दिनेंद्राः॥ नागेंद्रदेवेंद्रनरेंद्रवंद्याः॥शिवाय मे संतु समेजिनेंद्राः॥२॥ संसारनीराकरयानपात्रं॥ रेकावलीवद्धयभि लावदात्रं॥ सद्बोधबीजं सुपदाभिरामं॥ जैनागमं साधु नमामि कामं॥ ३॥ मातंगयक्षः कृतसंघरक्षः॥ श्रीवीरतीर्थेश्वरभक्तिदक्षः॥ दीपालिकापर्वणि वःसमृद्धिं॥ ददातु माणिक्यमुनेश्च सिद्धिं॥४॥

॥ श्री वीरस्तवनं ॥

जीरे मारे जाग्यो कुंवर जाम॥ ए देशी॥

जीरेमहारे श्रीमहावीरजिणंद॥ सिद्धारथसुत गुणनिलो जीरेजी॥ जीरे० त्रिशलामात मल्हार॥ शासनपति त्रिभुवनतिलो जीरेजो॥१॥ जीरे० नंदीवर्धन भ्रात॥ भगिनी जास सुदंसणा जीरेजी॥जीरे० नारी जसोदानो कंत॥ सेवे जस पद सुख घणा जीरेजी॥२॥जीरे०एकशत दश पुण्यपाप॥ फल अध्ययन जिणे कह्यां जीरेजी॥ जीरे०

उत्तराध्ययन छत्रीश ॥ भाख्यां ते भवि सद्दह्यां जी रेजो ॥३॥ जीरे० करता जग उपगार॥ सोल पहोर देशना दई जीरेजी ॥ जीरे० योग निरोधे नाथ ॥ चौदमुं गुण गणुं लई जीरेजी ॥४॥ जीरे० ॥ सर्वारथसिद्ध मुहूर्त्त ॥ कार्तिक मास अमावसी जीरेजी ॥ जीरे० ॥ पाछली भली रात ॥ स्वातिनक्षत्र तणो शशी जीरेजी ॥५॥ जीरे० तिण अवसर प्रभु वोर ॥ निर्वृति नगर सधाविया जीरेजी ॥ जीरे० चलितासन ततकाल ॥ सुरपति सघला आविया जीरेजी॥६॥जीरे० प्रणमि जिनतनु तेह॥ करणी उचित सघली करेजी रेजी ॥ जीरे० भाव उद्योतने गम ॥ द्रव्य उद्योत ते आचरे जीरेजी ॥७॥ जीरे० उत्तम लोके कीध ॥ झगमग दीपक आवली जीरेजी ॥जीरे०॥ त्यांथी प्रगटी एह ॥ दीवाली जगमां भली जीरेजी० ॥८॥ जीरे० छठतप करो नरनार ॥ कल्याणक विधि आदरे जीरेजी ॥ जीरे० लाखकोडी फल तेह॥जिनमाणक ध्याने वरे जीरेजी ॥ ९ ॥ इतिश्री वीरस्तवनं ॥

॥ अथश्री गौतम चैत्यवंदनं ॥

इंद्रनूति गणधर नमो ॥ गौतम गौत्र महंत ॥ मुख्य शिष्य महावीरनो ॥ चरण करण गुणवंत ॥१॥ जे निज श्रवणे सांजली ॥ वीरंतणुं निर्वाण ॥वीतरागता जावतां॥वरिया केवल नाण॥२॥ ते गौतम गुरु समरतां ॥ दीवाली दिन खास ॥ माणक विजय कहे सवी ॥ पोचे मननी आश ॥३॥ ॥ इतिश्री गौतम चैत्य वंदनं प्रथमं ॥ १ ॥ अथ द्वितीय चैत्यवंदनं ॥२॥ पृथिवीनंदन गुणनिधि ॥ गोब्बर गाम निवास ॥ इंद्रनूति ब्राह्मण कृती ॥ रहि घर वर्ष पचास ॥१॥ दीक्षा पणशत गात्रशुं॥ लिये चरम जिनपास ॥ तोश वर्ष वीत्या पछी ॥ पांम्या केवल खास ॥२॥ बार वर्ष केवली सवी॥ बाणुं वर्षनुं आय ॥ मुनिमाणक गौतम गुरु ॥ नमतां शिवसुख थाय ॥३॥ इति द्वितीय चैत्यवंदनं ॥२॥ अथ तृतीय चैत्यवंदनं ॥३॥ वीरवदनथी सांजली ॥ वेदपदार्थ उदार ॥ जीवतणो संशय

तजी ॥ लीधो संजम भार ॥१॥ चौदपूर्व रचियां जिणे ॥ त्रिपदी पामी सार ॥ इंद्रभूति गणधर जयो ॥ जिनशासन शिणगार ॥२॥ लब्धिवंत महि मानिलो ॥ मुनि माणक गुणशाल ॥ श्री गौतम गुरु नामथी ॥ नित नित मंगलमाल ॥३॥ इति

॥ अथ श्री गौतम स्तुतिः ॥

ऋषभ चंद्रानन वंदन कीजे ॥ ए चाल ॥

इंद्रभूति वर कनकद्युतिकर सात शरीर गंभीरजी ॥ गौतम गणधर प्रथम सुहंकर श्रीमहावीर व- जीरजी ॥ अन्यपणुं मन करतां चिंतन दीवाली परभातजी ॥ केवल कमला पांम्या विमला वंदू जग विख्यातजी ॥ १ ॥ अष्टापदपर भरतनरेश्वर जिनवर भवन करावेजी ॥ निजनिज लंछन मान निरंजन चोवीश अर्हन ठावेजी ॥ जगदानंदन ते जिन वंदन गौतम गणधर आवेजी ॥ निजलब्धे करी सूर्यकिरण धरी चढी.जिन वंदे भावेजी ॥२॥ त्रिपदी पामी गौतम स्वामी जिनमुखथी मनो-

हारीजो ॥ निरुपम रचना पावन वचना गणिपिटका करि सारोजी॥ऋविजनऋाई पुण्ये पाई आगम अर्थ विचित्रजी ॥ मन आणंदी पूजी वंदी कीजे जन्म पवित्रजी ॥ ३ ॥ शिवसुख मेवा मीठा लेवा जिनपदसेवा सारेजी ॥ समकित धारी जे नरनारी विघ्न सकल तस वारेजी ॥ आपद कापे संपद आपे॥ मातंगसुर सिद्धाईजी॥ शासनऋक्ता धर्मेरक्ता ॥ मुनिमाणक सुख दाईजी ॥४॥ इति

॥ अथ द्वितीय श्रीगौतमस्तुतिः ॥

॥ वसंततिलका वृत्तं ॥

श्री ज्ञातनंदनविनेय मुदारतारं । क्षीराश्रवप्रमुखलब्धिसमृद्ध्यगारं ॥ नाम्नेंद्रऋूति महमाद्यगणेशितारं ॥ वंदे सदा प्रवरगौतमगोत्रसारं ॥१॥ सद्ज्ञानदर्शनचरित्रगुणान्वियुक्ताः ॥ संक्रंदनार्चितपदाः प्रमदास्त्रमुक्ताः ॥ स्याद्वादिनो ऋुवि जयंतु सदा पवित्रा ॥ स्तीर्थंकराः कलुषकर्दमशोषमित्राः ॥२॥ रंगत्प्रऋूतनयऋंगतरंगजालं ॥

दृष्टांतकांततरमौक्तिकचक्रवालं॥नानापदार्थसलिलं गमहेतुरत्नं॥सेवे जिनेंद्रसमयांबुनिधिं सुयत्नं॥३॥ मातंगयक्ष इह कामितदानदक्षः॥ प्रत्यूहहृत्प्रवचनावनबद्धकक्षः ॥ सिद्धायिकापि भवताच्च शुभप्रदाना॥ माणिक्यपूर्वविजयस्य मृगेंद्रयाना॥४॥इति

॥ अथ श्रीगौतम स्तवनं ॥

हरखीजी हरजी हुंतो हरखीजी निरखीजी ॥ ए देशी ॥

हितकरणी हितकरणी वाणी वीरनी लाल हितकरणी ॥ अमृतरस अनुसरणी वाणी वीरनी लाल० ॥ शिवमंदिर निःसरणी वाणी वीरनी लाल०॥ गौतम संशय हरणीवाणीवीरनी लाल०॥ ए आंकणी ॥ गौतम गोत्री इंद्रभूति द्विज ॥ पंचसयां परिवार ॥ वादकरण प्रभु आगल आव्यो॥ धरि अभिमान अपार ॥ वाणी० ॥ अमृत० ॥ शिव० ॥ गौतम० ॥१॥ पृथिवी आदि पंचभूतथी। प्रगटे चेतना सार ॥ भूतविनाशे ते पण विणसे नही परभव अवतार ॥ वा० ॥ अ० ॥ शि० ॥ गौ० ॥२॥ इम विज्ञानघनादिकपदनो ॥ अर्थ करे

विपरीत ॥ सुद्ध अर्थ स्वामी तव तेहने । सम-जावे शुद्ध रीत ॥वा०॥ अ०॥ शि० ॥ गौ० ॥३॥ विज्ञान घन ते चेतन कहिये ॥ दर्शन ज्ञान उ-पयोग ॥ घटपट ज्ञान पणे ते उपजे ॥ भूततणे संजोग ॥ वा० ॥ अ० ॥ शि० ॥ गौ० ॥४॥ जेह-वी वस्तु देखे तेहवुं ॥ उपजे आतमज्ञान ॥ पूरव पूरव ज्ञान विनाशे ॥ उत्तर उत्तर ज्ञान ॥ वा० ॥ अ०॥ शि० ॥ गौ० ॥५॥ दान दया दम त्रण-पदने जे ॥ जाणे तेहज जीव ॥ सुमनस सौर-भन्याये वरते ॥ भूधन भिन्न सदैव ॥ वा० ॥ अ० ॥ शि० ॥ गौ० ॥६॥ इत्यादिक जिन मुखथी सुणतां ॥ संशय टलियो दूर ॥ मान तजी दीक्षा लहि हूआ ॥ गणधर प्रथम सनूर ॥ वा० ॥ अ० ॥ शि० ॥ गौ० ॥७॥ वीर जिनेश्वर मुक्ते पहोत्या ॥ उपन्यो चित्त विषाद ॥ क्षण अंतर समतारस ध्यावे ॥ ध्यान शुकल आल्हाद ॥ वाणी०॥अ० ॥ शि०॥गौ०॥८॥ दीवाली परभाते पांम्या ॥ केवल

माणक सार॥ अनुक्रमे शिव सुख वरिया गौतम॥ वंदू वारंवार ॥ वा०॥अ०॥शि०॥गौ०॥ए॥इति॥

॥ अथ दीपालिका गीतं ॥

वारी प्रभु दशमा शीतलनाथण॥ ए चाल ॥ भवियां पारंगत महावीर गया पंचमी गइरे लोल॥ भ० ॥ पावनपर्व दीवाली तव जगमां थइरे लोल ॥१॥ भ०॥ कुमति कदाग्रह कच्चर दूर निवारीयेरे लोल॥भ०॥ श्रद्धा भासन चेतन भवन समारियेरे लोल ॥२॥भ०॥ व्रत चंद्रोदय पंचवरण वर बांधियेरे लोल॥भ०॥संवर भाव सुगंधित धूपे धूपियेरे लोल ॥३॥ भ०॥ उपशम अर्जव मद्दव पुष्प पगर भरोरे लोल ॥ भ० ॥ दानादिक शुभ धर्म परम स्वस्तिक करोरे लोल ॥४॥ भ० ॥ शीयल विमल शिणगार सरस अंगे धरोरे लोल॥ भ०॥ तप जप सेव सुंवाली सुंदर आदरोरे लोल ॥५॥भ०॥ मैत्रादिक वरभावन मिठाइ लहोरे लोल ॥भ०॥ ॥ सत्य वचन तंबोल वदनकमले ग्रहोरे लोल ॥६॥ भ० ॥ उज्वल ज्ञान प्रदीप प्रकाश प्रमा-

णियेरे लोल ॥ न्न० ॥ मेराइयां सज्ञाय विवेक वखाणियेरे लोल॥७ न्न०॥ साधर्मिक संयोग स्वजन सम जाणियेरे लोल ॥ न्न० ॥ सुगुरु वचन रस पान अमृत रस मानियेरे लोल०॥ भ०॥ समता वनिताशुं मनमंदिरमां ठरोरे लोल ॥ न्न० ॥ न्नाव दीवाली आराधी न्नवजल तरोरेलोल॥ए॥न्न०॥शुद्ध रूप वरवा जिनगुण कीर्ति करोरे लोल॥न्न०॥ करि शासन नद्योत अमर पदवी वरोरे लोल ॥१०॥न्न०॥ मुनिमंमल शिरताज गुमानविजय गुणीरे लोल ॥ न्न० ॥ प्रणभो श्रीपंन्यासप्रतापविजय गणीरे लोल ॥ ११ ॥ न्न०॥ राजनगर लोहकार प्रतोली नपाशरेरे लोल ॥न्न०॥ रही चोमासुं सार अजित जिन आशरेरे लोल ॥१२॥भ०॥ कमनश्रवण शर नंद शशी १ए५ए संवत्सरेरे लोल ॥ न्न० ॥ बाहुल बहुल त्रयोदशी न्नृगुसुत वासरेरे लोल॥१३॥ न्न०॥निज गुरुनी आणाथी ए रचना करीरे॥लोल॥ न्न०॥ माणक विजय मनोरम जय कमला वरीरे ॥लोल ॥१४॥ इति श्री दीपालिका गीतं ॥इति॥

શ્રી જૈનગુણ સંગ્રહ.

અથ શ્રી મહાવીર સ્વામીજીનું પંચકલ્યાણકનું સ્તવન.

દોહરા.

અજર અમર જિનવર નમી, નમી ગુરૂપદ અરવિંદ;
પંચ કલ્યાણક વીરનાં, ગાશું ધરી આનંદ. ૧
ગુણી જિન ગુણ ગણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
દુઃખ દોહગ દૂરે ટળે, વાધે સમકિત રંગ. ૨

ઢાળ ૧ લી.

આછે લાલ, એ દેશી.

સાંભળજો સવિચિત્ર, ચરમ જિણંદ ચરિત્ર; આછે લાલ.
આળસ ઉંઘ નીવારિનેજી. ૧
જંબૂ ભરત મોઝાર, માહણકુંડ શ્રીકાર; આ.
નગર સ્વરગસમ શોભતુંજી. ૨

વિપ્ર રીખભદત્ત તામ, દેવાનંદા નામ; આ.
તસ ગજ ગામિનિ કામિનીજી. ૩
આષાઢ સુદી છઠ રાત, ચવિયા ત્રિભુવન તાત; આ.
પ્રાણત પુષ્પોત્તર થકીજી. ૪
બ્રાહ્મણી કુખ અવતાર, લીધો જગદાધાર; આ.
હસ્તોત્તર વર જોગમાંજી. ૫
તિણ રજની સા નાર, ચૌદ સુપન સુખકાર; આ.
હસ્તિ પ્રમુખ જોઈ જાગતીજી. ૬
ભાખે કંતને તેહ, હરખિત પુલકિત દેહ; આ.
બ્રાહ્મણ તવ ઇમ બોલિઓજી. ૭
ભોગ અરથ સુખ ખાણ, વેદ પુરાણનો જાણ; આ.
હોશે પુત્ર સોહામણોજી. ૮
સાંભળી વલ્લભ વાણ, કરતી તીમજ પ્રમાણ; આ.
ભોગ ભોગવતી વીચરેજી. ૯
એહવે અચરિજ થાય, અવધિ થકી જિનરાય; આ.
દેખી ઇંદ્ર તે ઉઠીયોજી. ૧૦
સનમુખ પગ સગ આઠ, આવી શક્રસ્તવ પાઠ; આ.
જુગતે કરી જિન વંદતોજી. ૧૧
આસન બેઠો જામ, સંશય પડિયો તામ; આ.
વાસવ ચિત્ત વિચારતોજી. ૧૨
જિન ચક્રી હરિ રામ, નાવે નીચ કુળ ધામ; આ.
આવે ઉત્તમ વંશમાંજી. ૧૩
ચોવીશમા જિનરાય, બ્રાહ્મણ કુલ કિમ આય; આ.
એ અતિ અણઘટતું થયુંજી. ૧૪

એ પણ શાસ્ત્રમાં જોય, અચ્છેરા ભૂત કોય; આ૦
કાલ અનંતે ઉપજેજી. ૧૫

ઢાળ ૨ જી.

પરમરૂપ નિરંજન જનમનરંજનો લલનાં. એ દેશી.

ઈણ અવસરપિણી દશ અચ્છેરાં ઉપન્યાં લલનાં,
ગર્ભ હરણ ઉપસર્ગ નિષ્ફળ ગઈ દેશના લલનાં;
મૂલ વિમાને રવિ શશિ આવ્યા વંદવા લલનાં,
ચમરાનો ઉતપાત એ વીર તીરથ હુવાં લલનાં. ૧
અષ્ટોત્તર શત રૂષભ તીરથ શિવપુર ગયા લલનાં,
સુવિધિ તીરથમાં અસંજત પણ પૂજનીક થયા લલનાં;
શીતળને હરિવંશ મલ્લી તીરથ કરી લલનાં,
નેમીવારે શંખ મિલાવે હરિહરિ લલનાં. ૨
અથવા ભવ સત્તાવીશ માંહી ત્રીજે ભવે લલનાં,
મરિચી કુળ મદ કીધ ભરત જબ વરણવે લલનાં;
ત્યાં બાંધ્યું નીચ ગોત્ર કરમ દઢ જિનવરે લલનાં,
તાસ ઉદય આવી અવતર્યા બ્રાહ્મણી ઉદરે લલનાં. ૩
પણ અરિહાદિક નીચ કુળે જનમે નહીં લલનાં,
આચાર છે, મુજ ધરવા ઉત્તમ કુળ સહી લલનાં;
બોલાવી સુર હરિણેગમેષીને તેહવે લલનાં,
ભાખે માહણકુંડ નગર તું જા જવે લલનાં. ૪
દેવાનંદા બ્રાહ્મણી કુખ થકી લઈ લલનાં,
ક્ષત્રિયકુંડ નગર સિદ્ધારથ નરવઈ લલનાં;

ત્રિશલા રાણી તાસ કુખે પ્રભુને ધરો લલનાં,
પુત્રીરૂપ ગરભ તસ માહણી કુખ ભરો લલનાં. ૫
ઇંદ્ર વચન સુર વિનય થકી અંગી કરે લલનાં,
બ્યાસી દિન રજની વીતે સચી તે કરે લલનાં;
તે રાતે સા દેવાનંદા માહણી લલનાં,
દેખે ચૌદ સુપન ત્રિસલાએ હર્યાં ભણી લલનાં. ૬

ઢાળ ૩ જી.

હવે શક્ર સુઘોષા બજાવે, એ દેશી.

હવે ચૌદ સુપન અભિરામ, દેખે ત્રિશલા ગુણધામ;
પહેલો ગજ ધવલ વિશાળ, બીજે શુભ વૃષભ નિહાલ. ૧
ત્રીજે વળી કેસરી સિંહ, ચોથે શ્રીદેવી અબીહ;
ફુલમાળા પંચમે સાર, છઠ્ઠે રોહિણી ભરતાર. ૨
સાતમે સૂરજ શ્રીકાર, ધ્વજ આઠમે અધિક ઉદાર;
જળ કળશ રૂપાનો નવમે, દીઠું પદ્મસરોવર દશમે. ૩
અગીઆરમે ઉદન્વાન, બારમે વર દેવવિમાન;
તેરમે ધનરત્નનો રાશી, વળી ચૌદમે વન્હિ વિકાશી. ૪
રાણી દેખી સુપન તે જાગે, જઈ વિનવે કંતને આગે;
રાય સુપન પાઠક તેડાવે, તે આવીને અર્થ જણાવે. ૫
થશે રાજ્ય અર્થ સુખ ભોગ, મંગળ કમળા સંજોગ;
કુળદીપક તિલક સમાન, તીર્થંકર પુત્ર પ્રધાન. ૬
સુણી અર્થ સિદ્ધારથ રાય, ઘણો હરખિત પુલકિત થાય;
કરી જોશીને આદર માન, વિસરજે દેઇ પ્રીતિ દાન. ૭

રાણી ગર્ભનું પોષણ કરતી, વિચરે શુભ ધ્યાનને ધરતી;
ગર્ભે જનની હિતકાજ, નિશ્ચલ થાવે જિનરાજ. ૮
રાણી તવ કરતી વિલાપ, મેં કીધાં ભવાંતરે પાપ;
સુતરત્ન ભુવનાશરતાજ, કોણ લેઈ ગયો મુજ આજ. ૯
વર પુત્ર વિના સુખ ધામ, સવી રાજ્ય અરથ શા કામ;
જનની દુઃખ કારણ જાણી, વિચારે પ્રભુ ગુણખાણી. ૧૦
જગ મોટું મોહની જોર, પાડે દુઃખ સાગર ઘોર;
અણદીઠે રાગ છે એવો, તો દીઠે થાશે કેવો. ૧૧
તવ નિયમ લીધો ભગવંતે, મુજ માત પિતા જીવંતે;
મેલીને ધન ઘરબાર, નહીં દીક્ષા લઉં નિરધાર. ૧૨
પ્રભુ આણી કરૂણા રંગ, એકદેશે હલાવ્યું અંગ;
રાણી આનંદ ભરાણી, તવ બોલે મધુરી વાણી. ૧૩
મુજ ગર્ભે છે કલ્યાણ, મેં ચીંત્યું ખોટું અજાણ;
છે ભાગ્ય ઉદય મુજ બળિયો. જિનધર્મ કલ્પતરૂ ફળિયો. ૧૪
સખીઓ શીખામણ દેતી, ત્રિશલાને એણીપેરે કેહેતી;
હળવે બોલો હસો ચાલો, ખાનપાન વીશે સંભાલો. ૧૫
હળવે બેસો સુવો રંગે, જેમ પીડા ન ઉપજે અંગે;
ત્રિશલાને મનોરથ થાય, તે સઘળા પૂરે રાય. ૧૬
એમ આનંદ ભર વિચરંતે, સુખ સુખે ગર્ભ વહંતે;
નવ માસને સાડાસાત, દિન ઉપર થયા વિખ્યાત. ૧૭
ચૈતર સુદ તેરશ રાતે, ઉંચે ઠાણે ગ્રહ સાતે;
હસ્તોત્તર ચંદ્રને જોગ, જનમ્યા જિનરાજ અરોગ. ૧૮
થયો ત્રિભુવન માંહી પ્રકાશ, ધરણી પણ પામી ઉસાસ;
મણી રયણ સોવન સુર વરસે, સવી જીવ ભરાણા હરશે. ૧૯

ઢાળ ૪ થી.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશજો, એ દેશી.

હાંરે મારે છપ્પન દિગકુમરી આવી જિન ધામજો,
સુખભરણી નિજનિજ કરણી કરતી ભલીરે લોલ.
હાંરે મારે ઈંદ્ર સિંહાસન થાય ચળાચળ તામજો,
નાણે મઘવા જાણે જિન જનમ્યા વળીરે લોલ. ૧
હાંરે મારે વજડાવે સુઘોષા ઘંટા તેહજો,
મેળા તિણ વેળા મળિયા બહુ દેવનારે લોલ;
હાંરે મારે બહુ પરિવારે આવે હરિ જિનગેહજો,
નંદે પદકજ વંદે જિન જિનમાતનારે લોલ. ૨
હાંરે મારે પંચરૂપ ધરી પ્રભુને સુનાસીરજો,
લાવે ભક્તિ ભાવે સુરગિરિ ઉપરેરે લોલ;
હાંરે મારે સાગર તીરથ દ્રહ નદીયોનાં નીરજો,
મેલી માંહી બહુ ભેળી ઓષધીયો કરેરે લોલ. ૩
હાંરે મારે એક કોડને સાઠ લાખ વળી સાથજો,
કુંભા બહુ મોટા ભરિયા નિરમળ જળેરે લોલ;
હાંરે મારે કિમ સહશે એ લઘુવય શ્રીજિનનાથજો,
ધરિયો મન સંશય એવો આખંડલેરે લોલ. ૪
હાંરે મારે અંગુઠે કંપાવે મેરૂ જિણંદજો,
ધરણી થરહર કંપી ક્ષોભ્યા સાગરારે લોલ;
હાંરે મારે અનંતબળ જિન જાણી ખામે ઈંદ્રજો,
પ્રભુને તવ નવરાવે સઘળા સુરવરારે લોલ. ૫

હાંરે મારે પૂજી અરચી વંદી જનની પાસજો,
લાવી સુરનાયક શ્રીજિનવરને ધરેરે લોલ;
હાંરે મારે થાપી પ્રભુ અંગુઠે અમૃત ખાસજો,
જાવે બહુ ભાવે સુરવર નંદીશ્વરેરે લોલ. ૬
હાંરે મારે સિદ્ધારથ ઓચ્છવ પૂર્વક જિન નામજો,
થાપે સુંદર વર્ધમાન કરિ કુળવિધિરે લોલ;
હાંરે મારે દિન દિન કલ્પતરૂ પેરે ગુણ ધામજો,
વાધે પ્રભુજી નિરૂપમ રૂપકળાનિધિરે લોલ. ૭
હાંરે મારે ચંદ્રવદન ગજરાજ ગતિ જિનરાજજો,
એક દિન રમવા કારણ જાવે પુરીબહીરે લોલ;
હાંરે મારે ઇંદ્ર કહે તિણ અવસર દેવ સમાજજો,
વર્ધમાન સમ જગમાં કોઈ બળિયો નહીંરે લોલ. ૮
હાંરે મારે તેહ વચન અણસદ્દહતો તતકાળજો,
મિથ્યાત્વી સુર આવે થાવે મહાફણીરે લોલ;
હાંરે મારે વૃક્ષ વીંટાણો તવ નાઠા સવી બાળજો,
કર ઝાલી ઉચ્છાળો નાંખ્યો જગધણીરે લોલ. ૯
હાંરે મારે જબ ધારે સુર સાતતાડનું રૂપજો,
વજ્ર કઠિણ મુષ્ટે વાહ્યો તવ જિનવરેરે લોલ;
હાંરે મારે પ્રણમી ખામી પ્રભુને પ્રગટી સ્વરૂપજો,
જાવે સુર સ્વરગે પ્રભુ આવે નિજઘરેરે લોલ. ૧૦
હાંરે મારે મઘવા હરખે નામ ધરે મહાવીરજો,
આઠ વરશ વીતે મેલ્યા નિશાળમાંરે લોલ;
હાંરે મારે પંડીત સંશય ટાળે ત્યાં પ્રભુ ધીરજો,
જૈનેંદ્ર વ્યાકરણ થયું તિણ કાળમાંરે લોલ. ૧૧

હાંરે મારે વર્ધા જસોદા યોવનવય પ્રભુ સોયજો,
અડવીશ વરશે માત પિતા સ્વર્ગે ગયાંરે લોલ;
હાંરે મારે બાંધવ આગ્રહથિ રહ્યા વરસાં દોયજો,
ઈમ ગૃહવાસી ત્રીશ વરશ પ્રભુજી થયારે લોલ. ૧૨
હાંરે મારે લોકાંતિક સુર વિનવે પ્રભુ સુખકારજો,
ધર્મ તીરથ થાપો આપો શિવ જીવનેરે લોલ;
હાંરે મારે દિન દિન એક કોડી અડલાખ દીનારજો,
આપે પ્રભુજી કાપે જગ દાળીદ્રનેરે લોલ. ૧૩
હાંરે મારે વરસી વરસ દિવસ ઘન ઘન જિમ નીરજો,
રજત કનક પુર અંતે ઉર સવી પરીહરેરે લોલ;
હાંરે મારે બંધુ સ્વજન અનુમતિ પામી પ્રભુ વીરજો,
મૃગશિર વદ દશમીએ દીક્ષા આદરેરે લોલ. ૧૪

ઢાળ ૫ મી.

સ્વામી શરીર સોસાઇ ગયું, એ દેશી.

મનપર્જવ તવ પામીયા, ત્રિશલા સુત જગદીશ;
દેવદૂષ્ય પ્રભુ ખંધલે, થાપે દેવનો ઇશ.
ઉપકારી પ્રભુ વીરજી, એ આંકણી. ૧
મહી મંડળમાં વિચરે, ધરતા ધ્યાન પ્રધાન;
એક દિન બ્રાહ્મણ આવીને, વિનવે શ્રીભગવાન. ઉ. ૨
વરસ્યા કંચન મેઘને, જીવન જગદાધાર;
તે અવસર હું હતો નહીં, નિર્ભાગી શિરદાર. ઉ. ૩
આથડી પાછો આવીયો, નિર્ધન દુ:ખિયો દિન;

જંગમ સુરતરૂ નાથજી, ચરણ શરણ તુમ લીન. ઉ. ૪
સમરથ છો પ્રભુ પૂરવા, જગ દુઃખહર મુજ આશ;
તુંબીપાત્ર પૂરણ ભણી, રયોજળ ધરને પ્રયાસ. ઉ. ૫
દીન વચન સુણી એહવાં, પ્રભુજી કરૂણા ભંડાર;
દેવદૂષ્ય અડધું દીધું, બ્રાહ્મણને તેવાર. ઉ. ૬
અડધું કંટક લાગિયું, તે પણ તે લઇ જાય;
ઇશ્વરસાધિક વીરજી, ચીવરધર કહેવાય. ઉ. ૭
સાડાબાર વરશ લગે, પરીસહ સહતા ઘોર;
ઘોર અભિગ્રહ ધારતા, હણવા કરમ કઠોર. ઉ. ૮
શૂલપાણી ચંડકોશીએ, ગોશાલે દુઃખ દીધ;
પગ ઉપર ગોવાલીએ, રાંધી ખીર પ્રસિદ્ધ. ઉ. ૯
સંગમદેવે દુઃખ કરયું, તે કીધું નવિ જાય;
નિરશન ખટમાસી રહ્યા, પ્રભુ નિર્મમ નિર્માય. ઉ. ૧૦
ગોપે કાન ખીલા જડયા, ખેંચે ચીશ પડાય;
પર્વત શિલ્લા ફાટી ગઈ, વન ધન ભૈરવ થાય. ઉ. ૧૧
યક્ષાદિક અપરાધિને, ઉધર્યા પ્રભુજી દયાળ;
અડદતણા લઈ બાકુળા, તારી ચંદનબાળ. ઉ. ૧૨
ખટમાસી એક આદર્યો, પાંચ દિવસ ઉણ એક;
નવ ચોમાસી જાણીએ, ત્રણ માસી બે ટેક. ઉ. ૧૩
અઢીમાસી દોઢમાસીઆ, દો દો છો બે માસ;
બાર તે માસખમણ કર્યાં, બહોતેર કીધાં પાસ. ઉ. ૧૪
બાર અઠમ વળી છઠ કર્યા, બસેં ઓગણત્રીશ;
ભદ્રાદિક પ્રતિમા ધરી, દિન દો ચઉ દશ ઇશ. ઉ. ૧૫
નિર્જલ તપ સવી પારણાં, ત્રણસેં ઓગણપચાસ;

કાળ સકળ પરમાદનો, અંતર મુહુર્ત જાસ. ઉ. ૧૬
માધવ સુદ દશમી દિને, ઘાતિ કર્મને તોડ;
ઉ-તરાભે શાલી તળે, પામ્યા કેવળ જોડ. ઉ. ૧૭

ઢાળ છઠી.

મહાવીરને કરૂં વંદના હું વારી, એ દેશી.

ધન ધન વીર જિણંદને હું વારી, શ્રીઅરિહંત મહંતરે
હું વારી લાલ.
કેવળ જ્ઞાન દિવા કરૂ, હું. ચોત્રીશ અતિશય વંતરે. હું. ધ. ૧
સર્વ દ્રવ્ય ગુણ પર્યવા, હું. જાણે દેખે સંતરે; હું;
પાંત્રીશ વાણી ગુણે ભર્યા, હું. ચઉવિહ ધર્મદિશંતરે. હું ધ. ૨
કનક કમળ પગલાં ઠવે, હું. પ્રાતિહારજ અડ ચંગરે; હું;
ધર્મચક્ર આગળ ચલે, હું. સેવે સુરનર રંગરે. હું. ધ. ૩
ઇંદ્રભૂતિ મૂખ્ય બુઝવ્યા, હું. ટાળી સકળ સંદેહરે; હું;
ગણધર પદ સાથે ઠવ્યો, હું. સંઘ ચતુરવિધ જેહરે. હું. ધ. ૪
એકાદશ ગણધર થયા, હું. ચૌદ સહસ અણગારરે હું;
છત્રીશ સહસ સુસાધવી. હું. ચરણ કરણ ગુણધારરે. હું. ધ. ૫
શ્રાવક શુભ એક લાખને, હું. ઓગણસાઠ હજારરે હું;
શ્રાવિકા તીન લખને વળી, હું. ઉપર સહસ અઢારરે. હું. ધ. ૬
ચૌદ પુરવધર ત્રણસેં, હું. તેરસેં અવધિ સમેતરે; હું;
કેવળી સાતસેં સાતસેં, હું. વૈક્રિય લબ્ધિ નિકેતરે. હું. ધ. ૭
વિપુલમતિ ભલા પાંચસેં. હું. ચારસેં વાદી પ્રસિદ્ધરે, હું.
સાતસેં મુનિ મુગતે ગયા, હું. ચૌદસેં સાધવી સિદ્ધરે. હું ધ. ૮

આઠસેં અનુ-તરમાં ગયા, હું. એ પ્રભુનો પરિવારરે; હું.
જિનમુખ વાણી જેણે સુણી,હું. ધન તેહનો અવતારરે.હું.ધ.૯
ત્રીશ વરશ ઘરમાં વસ્યા, હું. છદ્મસ્થે સમ બારરે; હું.
ત્રીશ વરશ કેવળીપણે, હું. તાર્યાં બહુ નર નારરે. હું.ધ. ૧૦
પારંગત પાળી સવી, હું. બહોતેર વરશનું આયરે; હું;
કાર્તિક માસ અમાવસી, હું. સ્વાતિએ શિવપુર જાયરે.હું.ધ.૧૧
ભાવ ઉદ્યોત ગએ થકે, હું. દ્રવ્ય ઉદ્યોત સોહાયરે; હું;
ઊ-તમ લોક દીવા કરે, હું. ત્યાંથી દીવાળી થાયરે. હું.ધ.૧૨
મનમોહન મહાવીરનાં, હું. પંચ કલ્યાણક એહરે; હું;
ગાશે સુણશે તે થશે, હું. ગુણ ગણ માણેક ગેહરે. હું. ધ. ૧૩

—:×*×:—

કળશ.

તીનભુવંન પાલક, પાપ ટાલક, ચરમ જિનવર જય કરો.
રાંદેર નગરે, પુણ્ય પગરે; સંથુણ્યો શિવ શંકરો.
આકાશ શર નિધિ ચંદ્ર વરશે, ૧૯૫૦ ઊર્જ સિત એકમ ગુરૂ.
પન્યાસ શ્રી પ્રતાપ નમતાં, માણિકે લહ્યું સુખ પુરૂં. ૧

અથ શ્રી મહાવીરસ્વામીજીના સત્તાવીશ ભવનું સ્તવનં.

દોહરા.

ગુણ મણિ રોહણગિરિ ગુરૂ, પરમ પ્રતાપ મુણિંદ;
પ્રતિભા દાયક ભારતી, પ્રણમું ધરી આનંદ. ૧
ત્રિશલા નંદન સાહિબો, ત્રિભુવન નાયક વીર;
ધીર કનકગિરિ સારીખો, સાયર સમ ગંભીર. ૨
ભવ સત્તાવીશ તેહના, ભણશું ભાવ વિશાળ;
સુણતાં સમકિત ઉલ્લસે, જાય કુમતિ જંજાળ. ૩

ઢાળ ૧ લી.

આવો જમાઇ પ્રાહૂણા જયવંતાજી, એ દેશી.

પશ્ચિમ મહાવિદેહમાં, સુણો સંતાજી. પ્રથમ ભવે નયસાર;
ગુણવંતાજી.
ગ્રામાધિપ વનમાં ગયો, સુ. કાષ્ટ નિમિત્ત ધરી પ્યાર. ગુ. ૧
ભોજન સમયે ચિંતવે, સુ. આવે અતિથિ કોય; ગુ.
દાન દેઈ ભોજન કરૂં, સુ. તો મનવંછીત હોય. ગુ. ૨
તિણ અવસર તિહાં આવિયા, સુ. સાથ ભુલ્યા અણગાર; ગુ.
પડિલાભ્યા મુનિવર તિણે, સુ. આણી હરખ અપાર. ગુ. ૩
ભોજન કરિ નમિ સાધુને, સુ. બોલે ધરતો રાગ; ગુ.

ભાગ્યવંત ચાલો હવે, સુ. દેખાડું તુમ માગ. ગુ. ૪
મારગમાં મુનિવર થકી, સુ. પામ્યા સમકિત સાર; ગુ.
પુણ્યવંત ત્યાંથી મરી, સુ. સમરી શ્રીનવકાર. ગુ. ૫
પહેલે સ્વર્ગે ઉપન્યો, સુ. સુર પલ્યોપમ આય; ગુ.
ત્રીજે ભવ ત્યાંથી ચવી, સુ. પુત્ર ભરતનો થાય. ગુ. ૬
યોવનવય મરિચી લહે, સુ. દીક્ષા જિનપતિ પાસ; ગુ.
તાપે પીડિત અન્યદા, સુ. છંડે સંજમ ખાસ. ગુ. ૭

ઢાળ ૨ જી.

જગપતિ નાયક નેમિજિણંદ, એ દેશી.

ચિ-તહર તવ રચિ અભિનવ વેષ, જિનપતિ સાથે વિચરે;
ચિ-તહર પ્રમિત જળે કરે સ્નાન, શિર મુંડણ ચોટી ધરે. ૧
ચિ-તહર પેહેરે ભગવો વેષ, રાખે ત્રિદંડક લાકડી;
ચિ-તહર કરત વિલેપન અંગ, છત્ર ધરે પગ પાવડી. ૨
ચિ-તહર થુળથી ધરે વ્રત રંગ, ભાખે શ્રમણ મારગ ખરો;
ચિ-તહર સમવસરણ પુછે ભૂપ, આગે થશે કોઈ જિનવરો. ૩
ચિ-તહર તવ કહે ભરતને નાથ, પુત્ર મરિચી તાહરો;
ચિ-તહર થાશે ચરમ જિન વીર, આ ભરતે કેશવ વરો. ૪
ચિ-તહર હોશે ચક્રિ વિદેહ, સુણિ નૃપ આવે હરખ ઘણે;
ચિ-તહર દેઇ પ્રદક્ષિણા તેહ, વંદી મરિચીને ઈમ ભણે. ૫
ચિત્તહર થાશયો તુમે ભગવંત, ચક્રી કેશવ જિનવરૂ;
ચિત્તહર ન નમુ ત્રિદંડિક વેષ, વંદુ વીર જિનેશ્વરૂ. ૬

ચિ-તહર જાય સ્તવિ નરરાય, મરિચી હરખ પામે અતિ;
ચિ-તહર મુજ ત્રણ પદવી તાત, ચક્રી પિતામહ જિનપતિ. ૭
ચિ-તહર હું ધુર કેશવ થઈશ, ઉત્તમ કુળ મારૂં ઠરયું;
ચિ-તહર કુળ મદભર નાચંત, નીચગોત્ર બંધન કરયું. ૮
ચિ-તહર એક દિન ઉપન્યો રોગ, મુનિ કોઈ જળ આપે નહીં;
ચિ-તહર તવ વંછે એક શિષ્ય, મળિયો કપિલ કેઇ દિન વહી. ૯
ચિ-તહર દીક્ષા માગે તેહ, મરિચી કહે લ્યો મુનિ કને;
ચિ-તહર રાજકુંવર બોલંત, ધર્મ નથી તુમ દર્શને. ૧૦
ચિ-તહર ચેલો મળ્યો મુજ યોગ્ય, ઈમ ચિંતી મરિચી કહે;
ચિ-તહર ધર્મ ઊભયમાં જાણ, તવ કપિલો દીક્ષા લહે. ૧૧
ચિ-તહર ઈણ વચને સંસાર, કોડાકોડી સાગર લહ્યો;
ચિ-તહર લાખ ચોરાશી પૂર્વ, જીવી પંચમ સ્વર્ગે ગયો. ૧૨

ઢાળ ૩ જી.

સાંભળરે તું સજની મોરી, રજની કયાં રમી આવીજીરે, એ દેશી.

પંચમ ભવ કોલ્લાગ નિવેશે, બ્રાહ્મણ વિષયી હૂઓજીરે;
એંશી લાખ પૂરવનું આયુ, ત્રિદંડિક થઇ મૂઓ. ભવિયણ
સુણિએજીરે. ભવ સત્તાવિશ એહ મોટા ગણિએજીરે.
એ આંકણી. ૧
કાળ ઘણો સંસાર ભ્રમીને, છઠ્ઠે ભવ થૂણાએજીરે;
બોહોતેર લાખ પૂરવનું આયુ, પુષ્પ ત્રિદંડિક થાએ. ૨

સાતમે સુર મધ્યાયુ સુધર્મે, આઠમે ચૈત્ય નિવેશેજીરે;
સાઠલાખ પૂરવાયુષ બ્રાહ્મણ, મરિ પરિવ્રાજક વેશે. ભ. ૩
નવમે દેવ ઈશાને દશમે, મંદિર પુર દ્વિજ થાવેજીરે;
છપ્પન લખ પૂરવાયુ ત્રિદંડી, ત્રીજે સ્વર્ગે જાવે. ભ. ૪
બારમે ભવ સ્વેતંબી નગરી, વિપ્ર ત્રિદંડી કહાવેજીરે;
ચુમાળીશ લખ પૂર્વ જીવીને, ચોથે સ્વર્ગ સધાવે. ભ. ૫
ચિર ભમી સંસાર ચઉદમે, રાજગૃહે અવતરિયોજીરે;
ચોત્રીશ લખ પૂરવાયુષ થાવર, દ્વિજ ત્રિદંડિક મરિયો. ભ. ૬
પંદરમે સુર પંચમ સ્વર્ગે, સોળમે રાજકુમારજી;
વિશ્વભૂતિ નામે તે હોવે, કોટી સમાયુષધાર. ભ. ૭
સંભૂતિ મુનિ પાસે લઈ દીક્ષા, સહસ વરશ તપ કરિયોજીરે;
માસ ખમણ પારણ મથુરામાં, ગોચરીએ સંચરાયો. ભ. ૮
ગાએ હણિયા મુનિવર પડિયા, નંદિ પિતરિયા હસીયાજીરે;
શૃંગે ઝાલે ગયણ ઉછાળે, ગો મુનિ ગર્વે વસિયા. ભ. ૯
તપ બળથી મુજ બહુ બળ હોજો, કરી નિયાણુ મરીયાજીરે;
સત્તરમે ભવ સપ્તમ સ્વર્ગે, સુર સત્તર સાગરિયા. ભ. ૧૦

ઢાળ ૪ થી.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચત્રીશ દેશજો, એ દેશી.

હાંરે મારે અઢારમે ભવ પોતનપુરમાં જાતજો,
રાય પ્રજાપતિ રાણી મૃગાવતી નંદનેરે લોલ;

હાંરે મારે વાસુદેવ ત્રિપૃષ્ઠાભિધ વિખ્યાતજો,
ઘોર કરમ કરી સાતમી નરકે ઉપન્યોરે લોલ. ૧
હાંરે મારે વીશમે થઈ સિંહ ચોથી નરકે જાયજો;
ત્યાંથી ચવી સંસારે કાળ ઘણો ભમેરે લોલ;
હાંરે મારે બાવીશમે નર થઇ લહિ પુણ્ય નિકાયજો,
ત્રેવીશમે રાય હાણી મૂકાએ સંક્રમેરે લોલ. ૨
હાંરે મારે ભૂપ ધનંજય ધારણી રાણી પુત્રજો,
થાય ચોરાશી લાખ પૂર્વને જીવિતેરે લોલ;
હાંરે મારે ચક્રવર્તી પ્રિયમિત્ર લહી ચારિત્રજો,
ચરણ દશા પાળી હાયન કોટી મિતેરે લોલ. ૩
હાંરે મારે કલ્પ સાતમેં દેવ થઈ ચવિ આયજો,
આ ભરતે છત્રિકા નયરી અવતરેરે લોલ;
હાંરે મારે નૃપ જિતશત્રુ ભદ્રા દેવી માયજો,
નંદન નામે પુત્ર ચરણ અંગીકરેરે લોલ. ૪
હાંરે મારે એકાદશ લખ એંશી સહસ સંધાનજો,
છસેં પિસ્તાળીશ અધિક પણ દિન સદારે લોલ;
હાંરે મારે જાવ જીવ કરી માસખમણ વીશ થાનજો,
આરાધિ જિનનામ કર્મ બાંધે તદારે લોલ. ૫
હાંરે મારે પાળી લાખ વરશ દીક્ષા પર્યાયજો,
પચવીશ લાખ વરશ જીવિત પૂરણ કરેરે લોલ;
હાંરે મારે છવીશમે ભવ પ્રાણત કલ્પે જાયજો,
વિંશતિ સાગર આયુષ વિલસે સુખ ભરેરે લોલ. ૬

ઢાળ ૫ મી.

ઈડરઆંબા આંબલીરે. એ દેશી.

માહણકુંડ નગરે વસેરે, દ્વિજ રૂષભદત્ત નામ;
દેવાનંદા બ્રાહ્મણીરે, ઉદરે ઉપન્યા સ્વામરે; પ્રાણી સુણજો
વીર ચરિત્ર, જિમ હોય જન્મ પવિત્રરે પ્રાણી. ૧એ આંકણી
બ્યાસી વાસર અંતરેરે, હરિણગમેષી આય;
સિદ્ધારથ નૃપ મંદિરેરે, ત્રિશલા કુખે ઠાયરે. પ્રાણી. ૨
નવ માસાધિક સગદિનેરે, જનમ્યા જિન જયકાર;
દેવ દેવી ઇંદ્રે મળીરે, કીધો ઓચ્છવ સારરે. પ્રાણી. ૩
પરણી લલના યોવનેરે, સુખ વિલસી સંસાર;
ત્રીશ વરશ ઘરમાં વશીરે, લીધો સંજમ ભારરે. પ્રા. ૪
દ્વાદશ વરશે કેવળીરે, ચોત્રીશ અતિશય ધાર;
સંઘ ચતુર્વિધ થાપીયોરે, એકાદશ ગણધારરે. પ્રાણી. ૫
ચૌદ સહસ્ર મુનિવર હુવારે, સાધવી છત્રીશ હજાર;
ત્રીશ વરશ કેવળીપણેરે, તાર્યાં બહુ નર નારરે. પ્રાણી. ૬
શૈલેશી કરણે કરીરે, કર્મ પ્રજાલી ચાર;
બોહોતેર વરશ આયુ પૂરીરે, પરણ્યા શિવ વધૂ પ્યારરે. પ્રા. ૭
સુરતરૂ સુરઘટ સુર મણિરે, આપે કલ્પિત દાન;
દાન અનોપમ તેં દીધુંરે, તિણ નહીં તુજ ઉપમાનરે. પ્રા. ૮
હું પણ આશા ધણી ધરૂંરે, પરમેશ્વર જિનવીર;
મહેર કરીને આપજોરે, સમકિત માણિક ધીરરે. પ્રા. ૯

કળશ.

ભવ ભીતી ખંડણ, ભુવન મંડણ; વર્ધમાન જિનેશ્વરો.
સિરિ થંભનયરે, ભત્તિ પયરે; સંથુણ્યો વિશ્વંભરો.
મુનિવેદ અંક શશાંક હાયન; ૧૯૪૭ માસ ઈષ સિતપક્ષતિ.
વિજયાંત સુગુરૂ પ્રતાપ સેવક; માણિકે વરી જયતતિ.

શ્રી મલ્લિનાથની વિનતી.

મનમોહનજી જગતાત વાત સુણો જિનરાજજીરે. એ દેશી.

પ્રભુ મલ્લિજિણંદ કૃપાળ, વલ્લભ સાંભળો વીનતીરે;
હું પાપી કરમ ચંડાળ, આથડિયો ભવમાં અતિરે. પ્ર. ૧
દીઠો નહિં તુમ દેદાર, ધર્મ ધુરંધર જગ ધણીરે;
તિણે નરકનીગોદ મઝાર, ઘોર લહી વેદના ઘણીરે. પ્ર. ૨
ભાગ્યે મલિયા ભગવાન, આજ તુમે મુજને હવેરે;
નથી મુજ સમ કોઈ નાદાન, ભુંડામાં ભુંડો આ ભવેરે. પ્ર. ૩
પણ બાપની આગળ બાળ. સર્વ જણાવે જિમ બોલીનેરે;
તિમ તાહારી આગળ લાલ, વાત કહું ચિત્ત ખોલીનેરે. પ્ર. ૪
અરિહંતનું કરચું અપમાન, અવર કુદેવ મેં માનીયારે;
મુનિરાજને દીધું ન માન, ખાખી બાવા સન્માનીયારે. પ્ર. ૫
નિંદ્યો નિર્મળ જિનધર્મ, મિથ્યાત ધર્મને આદર્યોરે;

કર્યાં કુટિલ થઇ કુકર્મ, ભવભય ચિત્તમાં નવી ધર્યોરે. પ્ર. ૬
દીધું નહીં ઉત્તમ દાન, પાળ્યું નહીં શુભ શીલનેરે;
તપિયો નહીં તપ ગુણખાણ, ભાવ્યો નહીં વળી ભાવનેરે. પ્ર. ૭
રાચી માચીને હણીયા જીવ, થાવરને ત્રસ મેં ઘણારે;
મુખ બોલ્યો જૂઠ અતીવ, ચોરીમાં ન રાખી મણારે. પ્ર. ૮
થયો ઇંદ્રિય વિષયાશકત, સેવી ઘણી પરનારીયોરે;
રહ્યો આરંભ પરિગ્રહ રકત, માનવનો ભવ હારીયોરે. પ્ર. ૯
દહ્યો ક્રોધાનલ અજ્ઞાન, માયા મોહજાળે કરયોરે;
ગલિયો અજગર અભિમાન, લોભ ફણીધરે હું ડરયોરે. પ્ર. ૧૦
રાગ દ્વેષ કલહ કરનાર, દેનારો બહુ આળનેરે;
પૈશુન્ય રતિ અરતિકાર, પરપરિવાદ નડિયો મનેરે. પ્ર. ૧૧
માયા મૃષાવાદ ભરેલ, મિથ્યાત શલ્યે બહુ મંડીયોરે;
ખેલ્યા સંસારમાં ખેલ, પાપસ્થાનકે દંડિયોરે. પ્ર. ૧૨
કેઇ જીવને પાડયા ત્રાસ, બંધીખાને કેઈ ઘાલીયારે;
વળી કેઇની ભાગી આશ, વન દાવાનળ જવાલિયારે. પ્ર. ૧૩
મદમચ્છરનો ભંડાર, ખોટી સાખ બહુ મેં ભરીરે;
ધ્યાન આરત રૌદ્ર અસાર, ધ્યાયાં મેં મમતા ધરીરે. પ્ર. ૧૪
મુનિરાજની નીંદ્યા કીધ, ઉત્તમ લોકને ઓલવ્યારે;
દીનદુઃખીયાને દુઃખ દીધ, ભોળા લોકને ભોળવ્યારે. પ્ર. ૧૫
છળકપટ કરયું કિરતાર, ફોગટ લોક લડાવીયારે;
ખાલી લાવી હૃદયમાં ખાર, રાંક અનાથ અડાવીયારે. પ્ર. ૧૬
કર્યાં રાત્રિ ભોજન અંધાર. નીલ તરૂવર તોડીયાંરે;
કંદમુળ અભક્ષ અપાર, ખાધાં નિયમ લઈ છોડીયારે. પ્ર. ૧૭
કૂડાં તોલ કરીને નાથ, અન્યાયે ધન લૂટીયુંરે;

પણ કાંઈ રહ્યું નહીં હાથ, આખર તે સવી ખૂટીયું રે. પ્ર. ૧૮
ઈમ ભવ ભવ પાપ અનંત, આચરી હું દુઃખમાં પડ્યોરે;
અબ કરૂણાવંત ભદંત, તુજ દરબાર આવી ચડ્યોરે.પ્ર.૧૯
મુજ દુષ્ટની દીનદયાળ, ભૂલ ઘણી ન વિચારજોરે;
જિમ જાણી પોતાનો બાળ, ભવજળ પાર ઉતારજોરે.પ્ર.૨૦
તુમે તારો ગુણીને પ્રવીણ, તેમાં વડાઈ તુમચી કીશીરે;
જો તારો મુજસમ દીન, તો જશ વિસ્તરે દશ દિશીરે. પ્ર. ૨૧
તુજ ખોળામાં મુજ શીશ, નાથ ગમે તો ઉગારજોરે;
જગજીવનજી જગદીશ, નક્કી એ તુમે ધારજોરે. પ્ર. ૨૨
મેં હરિહર બ્રહ્મ અનેક, જોયા દેવ ધરણી ફરીરે;
પણ તુજ સમ દેવ ન એક, દીઠો ભવાબ્ધિ તારણ તરીરે.પ્ર.૨૩
કોઇ બીજો તારક હોય, તો તુમને હું સેને કહું રે;
પણ તારક તું એક જોય, તે માટે તુમ શરણે રહું રે.પ્ર.૨૪
દૂર દેશથી આવ્યો દેવ, તારક નામ તુમ સાંભળીરે;
હવે તારો મુજ તતખેવ, કરમ કંદબકને દલીરે. પ્રભુ. ૨૫
પહેલાંને પછે શિરતાજ, આખર તુમેહિજ તારશોરે;
તો તારોને પ્રભુ આજ, એમાં વિલંબ કરવો કિશોરે.પ્ર. ૨૬
પ્રભુ તમ સરીખા મહારાજ, મેહેર નજર જો નવી કરેરે;
તો અમ સરીખાનાં કાજ, સાહેબ કહો શી રીતે સરેરે.પ્ર. ૨૭
તુમે સમરથ ત્રિભુવન તાત, દુઃખ દાળિદ્રને ચૂરવારે;
છો કલ્પતરૂ સાક્ષાત, જન મન વાંછિત પૂરવારે. પ્ર. ૨૮
પુરૂષોત્તમ પરમ પ્રધાન, નાથ કહાવો હવે શું ઘણુ રે;
આપો મુજ સમકિત દાન, માનવ જન્મ સફળો ગણું રે. પ્ર. ૨૯
મુજ તુમ પદ પંકજ સેવ, દેવ ભવોભવ દીજિયેરે;

માગું એટલું નિત મેવ, અવર કછૂ નવિ જાંચિયેરે.પ્ર. ૩૦
પાવક શર નવ શશીવર્ષે, ૧૯૫૩ માઘ વદી દશામી ભલીરે;
શુભ દર્શનથી થયો હર્ષ, મનની આશ સઘળી ફળીરે.પ્ર.૩૧
પાવન દર્શન અરિહંત, પરમ પ્રતાપ પૂરણ ગુણીરે;
મલ્લિદાદા જયવંત, માણેકને દજો શિવભણીરે. પ્રભુ. ૩૨

અથ ઓળીનું ચૈત્યવંદન.

વિમળ કેવળ જ્ઞાન કમળા. એ રાગ.

સકળ મંગળ પરમ કમળા કેલિમંજુલ મંદિરં;
ભવકોટિ સંચિત પાપનાશન નમો નવપદ જયકરં. ૧
અરિહંત સિદ્ધ સુરીશ વાચક સાધુ દર્શન સુખકરં,
વરજ્ઞાન પદ ચારીત્ર તપએ. નમો. ૨
શ્રીપાલરાજા શરીરસાજા સેવતાં નવપદવરં;
જગમાંહિ ગાજા કીર્તિ ભાજા. નમો. ૩
શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ આપદા નાશી અરં;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત. નમો. ૪
આંબીલ નવદિન દેવ વંદન ત્રણ ટંક નિરંતરં;
બેવાર પડિકમણાં પલેવણ. નમો. ૫
ત્રણ કાળ ભાવે પૂજિએ ભવ તારંક તીર્થંકરં;
તિમ ગરણું દાય હજાર ગણિએ. નમો. ૬
ઈમ વિધિ સહિત મન વચન કાયા વશ કરિ આરાધિએ;

તપ વર્ષ સાઢા ચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ.
ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વરવરં;
શ્રીસિદ્ધચક્ર પ્રતાપ માણિક, વિજયવિલસે સુખભરં. ૭

અથ શ્રી પર્યુષણાનું ચૈત્યવંદન.

પુણ્યોદયથી આવિયાં પર્વ પજુસણ સાર,
ઓચ્છવ રંગ વધામણાં, મંગળ હરખ અપાર. ૧
મહિધરમાં સુરગિરિ વડા. તરૂમાં સુરતરૂ જેમ;
સુરગણમાં સુરપતિ વડા, પર્વ પજુસણ તેમ. ૨
અમર પડો વજડાવિએ, જીવ દયાને લાગ;
સત્ય વચન મુખ ભાખિએ, ચોરી મૈથુન ત્યાગ. ૩
આરંભ મૂર્છા છંડિએ, નવિ રમિએ જુગાર;
કજીઓ કલહ ન કીજીએ, હાંસીનો પરિહાર. ૪
દ્રવ્યભાવ જિન પૂજીએ, નિરમળ કરી નિજ ગાત્ર;
વિનતિ કરી મુનિરાજને, દીજે દાન સુપાત્ર. ૫
સદગુરૂ પાસે સાંભળો, કલ્પસૂત્ર મનોહાર;
તીજા ઓષધની પરે, પુણ્ય પુષ્ટી કરનાર. ૬
એકવીશ વાર જે સાંભળે, કલ્પસૂત્ર સુખકંદ;
સાત આઠ ભવમાં લહે, પદવી પરમાનંદ. ૭
જિનવર ચૈત્ય જુહારિએ, મુનિવંદન હિતકાર;
વરશી પડિકમણું કરી, આલોઇએ અતિચાર. ૮
સાધર્મિકને ખામણાં, કરિએ સવિ નરનાર;

ક્ષામક આરાધક કહ્યો, અવર વિરાધક ધાર. ૯
અષ્ટમ તપ વળી કિજીએ, સાંમીવચ્છળ રંગ;
લાભ અનંતો પામિએ, વરિએ શિવસુખ ચંગ. ૧૦
ઇણ વિધિ પર્વ આરાધિએ, થિર કરી મન વચ કાય;
તો ગુણ માણેક સેવધી, થઇ આતમ શિવજાય. ૧૧

—:××:—

અથ શ્રી વીશ વિહરમાનનું ચૈત્યવંદન.

વિમળ કેવળ જ્ઞાન કમળા એ રાગ.

પ્રથમ સીમંધર નમો, જિનરાજ યુગ મંધર બીજા;
ભવતોય રાશી તરણ તારણ, બાહુ સ્વામી નમો ત્રીજા. ૧
શ્રી સુબાહુ વંદિએ, ચોથા સુજાતજી પાંચમા;
શ્રી સ્વયંપ્રભનાથ છઠ્ઠા, પ્રણમિએ પરમાતમા; ૨
સાતમા રૂશભાનનેશ, અનંતવીર્યજી આઠમા;
સૂરપ્રભ નવમા નમીજે, સુરતરૂ સુરમણિ સમા. ૩
દશમા વિશાલ જિણંદ નમીએ, વજ્રધર અગીઆરમા;
બારમા ચંદ્રાનનેશ્વર, ચંદ્રબાહુ તેરમા; ૪
ચોદમા પ્રણમો ભુજંગ, જિનેશ ભય ભંજન વિભુ;
નમો પન્નરમા શ્રીઈશ્વર, સોલમા નેમી પ્રભુ. ૫
વીરસેન જિણંદ અરિહા, નાથ સત્તરમા નમો;
મહાભદ્ર અઢારમા નમી, પાપસંચયને ધમો. ૬
ઓગણિશમા નમુ ચંદ્રકીર્તિ, અજિતવીર્યજી વીશમા;
વિરહમાન જિનેશ નમતાં, લહે માણિક સુખરમા. ૭

અથ શ્રી રૂષભદેવનું સ્તવન.

પ્રથમ જીનેશ્વર પ્રણમીએ. એ દેશી.

વિશ્વંભર વિમળેશ્વરૂ, અલવેશ્વર અરિહંત;
મહિમાવંત મહંત સુણો મુજ વિનતી, અકળ સકળ ભગવંત. ૧
નંદન નાભિનરિંદના, આદીશ્વર જિનરાજ;
જુગલાધર્મ નિવારણ કારણ શિવતણા, તારણ ભવજલઝાજ. ૨
રાજ્ય તજી સંજમ ભજી, ધ્યાનાનલ સલગાય;
કઠિન કરમતરૂવન દહી જ્ઞાન પરમ લહી, પ્રગટયો તું જગરાય ૩
સુખ બળ તુજ અનંત છે, પરમેશ્ર પરધાન;
પરમાનંદ પરમ પ્રભુ પાવન પુજ્યતું, પારંગત વરમાન. ૪
તુજ દરીશણથી જે વેગળા, બહુલ કરમ તે જીવ;
હું પણ તુમ દરિશણ વિણ રઝળ્યો ભવ ઘણા, પામ્યો
દુઃખ અતીવ. ૫
દેવ નરક તિર્યંચમાં, ભમતાં નરભવ લીધ;
આજ ગયું મુજ દુઃખ મળ્યો તું દયાનિધી, કાજ સકળ
મુજ સિદ્ધ. ૬
પુરષોત્તમ પરમાતમા, શંકર સંત ભદંત;
જગ વલ્લભ અતી દુલ્લભ દરશન દાસને, દેજો દરશન કંત. ૭
મોટાનો જે આશરો, તે નિષ્ફળ નવિ થાય;
ઈમ જાણી જગ ચંદચરણ તુજ મેં ગ્રહ્યા, હૈડે હર્ષ ધરાય. ૮
ધારક નિજ ગુણ સંપદા, તારક ગરીબ નિવાજ;
પારગ પરમ પ્રતાપ માણિકયવિજય કહે, આપો
અવિચળરાજ. ૯

અથશ્રી સંભવનાથજીનું સ્તવન.

શ્રી અરિહંત પદ ધ્યાઇએ, એ દેશી.

શ્રીસંભવજિન વંદીએ,
પરમાનંદ મહંતારે;
ન્યાયનિધિ ગંભીર પ્રભુ,
સકળ સરસ ગુણવંતારે. શ્રી. ૧
પ્રણુત સુરાસુર નરપતિ,
તારણ ભવજળ ઝાજરે;
પરમ મહોદયના ધણી,
વિશ્વ ભુવન શિરતાજરે. શ્રી. ૨
જન્મ જરા ભય ચૂરણો,
યતિ પતિ જ્ઞાન અનંતરે;
જીપક મોહ રિપુતણો,

નાયક નઇ ભદંતરે. શ્રી. ૩

અંતરજામી અઘહરૂ,
તેજસ્વી ભગવાનરે;
વાદી મતંગજ કેશરી,
શીતળ ચંદ્ર સમાનરે. શ્રી. ૪

માન મણીધર ખગપતિ,
નિરંજન જિનરાજરે;
કરૂણાવંત શિરોમણી,
વિમલ પુરણ સવી કાજરે. શ્રી. ૫

જગત તિલક મહિમા નીલો,
યમ સંકટ હરનારરે;
કૃત કર્માંત મહેશ્વરૂં,
તરણ માણિક ભવતારરે. શ્રી. ૬

અથશ્રી અભિનંદન સ્વામીનું સ્તવન.

આજ મારા અપાસરામાં મોતીડે મેહ. એ દેશી.

આજ શ્રી અભિનંદન મેં તો,
પૂરવ પુણ્યે દીઠારે;
સમવસરણમાં બેઠા સાહિબ,
લાગે મુજ મન મીઠારે. આજ. ૧
પંચવરણના ફુલની વૃષ્ટી,
દેવ મળીને કરતારે;
ભામંડળ શિર પાછળ સોહે,
દિવ્યધ્વની સુસ્વરતારે. આજ. ૨
સુરવર સુંદર ચામર ઢાળે,
દુંદુભિ ગગને ગાજેરે;
વૃક્ષ અશોક અનોપમ ઓપે,
આતપત્ર ત્રણ છાજેરે. આજ. ૩
સપાદ પીઠ સિંહાસન સારૂં,
ત્યાં બેસી જિનરાયારે;
ચાર મુખે અમૃતસમ વાણી,
ધર્મદેશના દાયારે. આજ. ૪
સાત નયે ને ચાર નિખેપે,
કારણ પંચ પ્રકારેરે;

જિનવાણી સુણતાં ભવિપ્રાણી,
આવે ભવજળ આરેરે. આજ. ૫
મોહનગારી મૂરતી દેખી,
મનના મનોરથ ફળીયારે;
આતમ મુજ આનંદ ભરાણો,
દુઃખ દોહગ સવી ટળીયારે. આ. ૬
વેદ બાણ નવ વસુધા (૧૯૫૪) વરસે,
માધવ સુદ પંચમીએરે;
ગામ લોદરા જિનગુણ ગાયા,
ભાવે માણિક મુનિએરે. આજ. ૭

અથશ્રી કલીકુંડ પાર્શ્વનાથનુ સ્તવન.

તેજે તરણિથી વડોરે, એ દેશી.

વામાનંદન સાહિબારે, મનમોહન અરિહંત;
પુરિસા દાણી પાસજીરે, જગદીશ્વર જયવંત હો જિનજી.
નેહ નજરથી ભાળજોરે, પાપ પડલને ટાળજોરે;
પાળજો પરમ કૃપાળ. ૧
લાખ ચોરાશી હું ભમ્યોરે, કાળ અનંતાનંત;
પૂરણ પુણ્યે પામીયોરે, તુમ સેવા હવે સંત. હો. ૨

ભવ વનમાં ભટકે ઘણારે, રાગીદ્વેષી દેવ;
મોહનિગડમાં જે પડયારે, કેમ કરૂં તસ સેવ. હો. નેહ. ૩
ક્રોધી માની લોભીઆરે, માયા મમતાકાર;
રમણિ વિષયમાં રાચિયારે, માચિયા મદન વિકાર. હો. નેહ.૪
શસ્ત્ર ધરે નિજ હાથમાંરે, કેઇક રૌદ્રાકાર;
જપમાળા કેઇ જપેરે, મદમચ્છર ભંડાર. હો. નેહ. ૫
એવા કુદેવો તણીરે, મનમાં ધરૂં નહીં આશ;
તરણતારણ તું આશરોરે, ગુણ અનંતનો વાસ. હો. નેહ. ૬
મોહમતંગજ કેશરીરે, મદતરૂ ભંજન નાગ;
તુજ પાલવ પકડયો હવેરે, છોડું નહી વીતરાગ. હો. નેહ. ૭
જન મન કામિત પૂરણેરે, નિર્જર શાખી સમાન;
દુઃખ દાવાનળ ઠારણેરે, ઘન સમ તું ભગવાન. હો. નેહ. ૮
સેવકની આ વિનતીરે, અવધારો જિનચંદ;
જનમ મરણ દૂરે કરીરે, આપો પરમાનંદ. હો. નેહ. ૯
પરમેશ્વર પરમાતમારે, શ્રીકલીકુંડ શ્રીકાર;
નરભવ મુજ સફળો થયોરે, દેખી તુમ દેદાર. હો. નેહ. ૧૦
ભય ભંજન જન રંજનારે, સુરનર નાયક તાત;
પારગ તુજ પરતાપથીરે, માણિકને સુખશાત. હો. નેહ. ૧૧

અથ શ્રી સ્થંભન પાર્શ્વનાથનું સ્તવન.

દેશી લાવણીની. નેમકી જાન બની ભારી. એ ચાલ.

દેખકે થંભણ જિનચંદા, ચિત્તમેં હોય પરમનંદા.
એ આંકણી.
નાથકી વામા હે માયા, ભૂપવર અશ્વસેન તાયા;
મનોરમ અહિ લંછન પાયા, શોભતી નીલવરણ કાયા;
જન્મ ધર્યા ધરણી તળે, ભવિતારણ સુખકાર;
ત્રીશ વરશ ઘરવાસ વસીને, ચરણ લહે નિરધાર;
છેદવા દુષ્ટ કર્મ ફંદા. દેખ. ૧
વિહિતમદ મોહ કપટહાની, ભૂતળે વિચરે ચઉજ્ઞાની;
સુહંકર સમતા ગુણખાની, મેરૂસમ ધીર શુકલ ધ્યાની;
અનુક્રમે પ્રભુ આવીયા, તાપસ આશ્રમ જામ;
કૂપનિકટ વડ હેઠળ રાત્રે, રહી પ્રતિમા તામ,
છોડકે ભયભૈરવ વૃંદા. દેખ. ૨
ઉપદ્રવ કરનેકુ આયા, મેઘમાલી સુર ધનમાયા;
દ્રોણસિંહાદિક બનવાયા અચલ તબ દીઠે જિનરાયા;
વિકુર્વી આકાશમેં વરસે જળધર ધાર,
ઘોર વિજળીયાં પસરી દિશામેં ગર્જાવર ભીકાર;
કંપીયા આસન ધરણીંદા. દેખ. ૩
ધરણપતી મહિષીસહ આયા, ફણાએ સ્થગીઆ જિનરાયા,
મેઘમાલીકું હઠવાયા, સ્વયંભૂ પૂજા વિરચાયા.

ઇત્યાદિક ઉપસર્ગકું સહન કરત જિન ભાણ,
વૃક્ષધાતકી હેઠળ પાયા કેવળ દર્શન નાણ;
કાટકે ઘાતિ કર્મકંદા. દેખ. ૪
સકળ હરિ અમરાસુર આવે, વિશ્વપતિ ગુણમાળા ગાવે;
રચે વર સમવસરણ ભાવે, તીર્થ અરિહંત તિહાં ઠાવે.
દિયે ચઊમુખ દેશના, અગણિત અતિશય વંત;
નિજ નિજ ભાષાએ સહુ સમજે, વચનામૃત વરસંત;
સુણતાં જાય દુરિત દંદા દેખ. ૫
કાય મન વચન યોગ ટાળી, કર્મ શૈલેશીઆં બાળી;
આયુ શતવર્ષતણું પાળી, વર્યા શિવરામા લટકાળી.
વિશ્વંભર પરમાતમા મુજ ભવ પાતક તોડ,
પાર્શ્વનાથ શિવશંકર સાહિબ કહે માણિક કરજોડ;
આપજો દેવ મહાનંદા. દેખ. ૬

-:×*×:—

અથ શ્રી ગંધાર તીર્થના પાર્શ્વનાથનું સ્તવન.

ગજરામારૂની દેશી.

જગતારણ જિનરાજજીરે, પ્રભુ પારસનાથ કૃપાળરે; પ્રભુ.
વિનવું હું તુમ આગળેરે, જીમ વિનવે બાપને બાળરે. જીમ.૧
ચાર ગતિ ભવ ચોકમાંરે, હું તો રઝળ્યો કાળ અનંતરે; હું.
દુઃખ સહ્યાં જે આકરાંરે, તેને કહેતાં ન આવે અંતરે. તે. ૨

પુણ્ય ઉદયથી તું મળ્યોરે, હવે દેવ સકળ શિરતાજરે; હવે.
શરણ એક છે તાહરૂંરે, સંસાર સમુદ્રમાં ઝાજરે. સં. ૩
તુમ સેવા જે આચરેરે, તે પામે લીલા લેહેરરે; તે.
ઈમ સાંભળી હું આવિયોરે, મુજ ઉપર આણો મેહેરરે. મુ. ૪
સેવક જાણી સાહિબારે, મને ઉતારો ભવપારરે; મને.
ઉપગારી અરિહંતજિરે, નહીં ભુલું એ ઉપગારરે. નહીં. ૫
નેત્ર સુમતિ નવ ચંદ્રમારે, (૧૯૫૨) વરસે શુભ મૃગશિર માસરે; વ.
આમોદપુરના સંઘમાંરે, તુમ દરીશણ લહી ફળી આશરે. તુ. ૬
જિન માણેક જગતાતજીરે, ગંધાર તીરથ જયકારરે; ગં.
અજરામર પદ આપજોરે, સુખલબ્ધિ ગુણ દાતારરે. સુ. ૭

અથ શ્રી ગંધાર તીર્થના મહાવીરસ્વામીનું સ્તવન.

વીર જિણંદ જુહારારે, ધન્ય ભાગ્ય હમારાં. એ આંકણી.
સિદ્ધારથ નૃપ વંશ વિભૂષણ, ત્રિશલા માત મલ્હારા;
કરૂણા કર પરમેશ્વર સાહિબ, ત્રણ ભુવન સુખકારારે. ધ. ૧
પૂરણાનંદ પૂરણપદ ભોગી, જોગી વિગત વિકારા;
અકલ અસંગ અનંત અરૂપી, અજરામર અઘહારારે. ધ. ૨
આખંડળ અર્ચિત અલવેશ્વર, દોષ અઢારથી ન્યારા;
ભવ દુઃખ ભંજન જનમન રંજન, નાથ નિરંજન પ્યારારે. ધ. ૩
તુમ ગુણ કહેતાં પાર ન પામે, કેવળી પણ નિરધારા;
તોપણ બાળકની પેરે કરીએ, તુમ ગુણગણ ઉચ્ચારારે. ધ. ૪

નયન બાણ નવ ચંદ્રસમાસહ, (૧૯૫૨)સુદ પાંચમ ગુરૂવારા;
દરિશણ કરતાં દુરિત ગમાયા, આમોદ સંઘ મોઝારારે. ધ. ૫
શ્રીગંધાર તીરથમંડણ જિન, વર્ધમાન હિતકારા;
ચરણ શરણ ભવભવ તુજ હોજો, ગુણ માણિક ભંડારારે. ધ. ૬

અથ શ્રી ગંધાર તીર્થનું સ્તવન.

સનેહી વીરજી જયકારીરે, એ દેશી.

ગંધાર તીરથ સુખકારરે, ભવ સાગર તારણહારરે;
અવિચળ પદવી દાતાર, ભવિક જન ભેટીએ ભલે ભાવેરે.
જિમ જન્મ મરણ દુઃખ જાવે. ભવિક. ૧
પુરમાંહી એક વિહારરે, તીહાં વીર જિણંદ ઉદારરે;
મૂળનાયક જગદાધાર. ભવિક. ૨
એક મંદિર નગરની બહારરે, તીહાં ભૂમીગેહ મોઝારરે;
ત્રણ પાર્શ્વનાથ શ્રીકાર. ભવિક. ૩
મૂળનાયક પડિમા મોટીરે, દુગ પડિમા તેહથી છોટીરે;
નમતાં નાશે અઘ કોટી. ભવિક. ૪
શેઠ પાનાચંદ સુભાવેરે, આમોદ નગરથી આવેરે;
નિજ સાથે સંઘને લાવે. ભવિક. ૫
ઓગણીસેં બાવન વરશેરે, મૃગશિર શુદ તીજને દિવશેરે;
ગુરૂવારે ભેટ્યા જિન હરશે. ભવિક. ૬

ઇમ તીરથ જાત્રા કરશેરે, જિન માણિકને અનુસરશેરે;
તે શિવ લબ્ધિ ગુણ વરશે. ભવિક. ૭

અથ શ્રી સિદ્ધાચળજીનું સ્તવનં.

જઈ પૂજો લાલ સમેતશિખર ગિરિ ઉપર
પાસજી સામળા, એ દેશી.

જઈ પૂજો લાલ શ્રીવિમળાચળ ઉપર પ્રથમ જિણંદને,
તુમે પાવો લાલ કરમ ખપાવી અવિચળ પદ મહાનંદને.
એ આંકણી.
વિમળાચળ તીરથને તોલે, તીરથ નહીં કોઈ ત્રિભુવન બોલે;
ઇમ સઘળા તીર્થંકર બોલે. જઈ. ૧
સુરનર કિંનર વિદ્યાધારી, વરવા રૂપાળી શિવનારી;
એ તીરથ સેવે સુખકારી. જઈ. ૨
જે એ તીરથ ફરશન કરશે, તે ભવ ભવનાં પાતક ઝરશે;
ભવ ત્રીજે ભવસાયર તરશે. જઈ. ૩
સિદ્ધાચળ દર્શનને પામી, પાપી પણ હોવે શિવગામી;
ઈમ ભાખે સીમંધર સ્વામી. જઈ. ૪
ઈહાં બહુ મુનિવર શિવપદ વરિયા, શ્રી જિનવર પણ બહુ
સંચરિયા;
હત્યારા પણ ભવજળ તરિયા. જઈ. ૫

રહી ક્રોડ પૂર્વ તપ જપ કરિયે, બીજે તીરથ જે ફળ વરિયે;
તે ફળ મુહૂરતમાં એ ગિરિયે. જઇ. ૬
ઇહાં સિદ્ધ અનંતા કાંકરિયે, ભાવે ગિરિવર દર્શન કરિયે;
કહે મુનિમાણિક ભવજળ તરિયે. જઈ. ૭

અથ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

લાવો લાવોને રાજ મોંઘાં મૂલનાં મોતી, એ દેશી.

પૂજો પૂજોને રાજ સિદ્ધાચળ સુખકારી,
ગાવો ગાવોને રાજ જિનગુણ જોગ સમારી. એ આંકણી.
એ ગિરિ અણુસણ પાળી અનંતા, સિદ્ધિ વર્યા અણગારી;
તે કારણ સિદ્ધાચળ સુંદર, નામ જપો હિતકારી. પૂ. ૧
ધ્યાન ધરી ખટમાસી શત્રુ, બહિંતર જયકારી;
શત્રુંજય શુકરાજા થાપે, નામ તે ગુણ અનુસારી. પૂજો. ૨
પાંચકોડિ મુનિવરશું સિધ્યા, પુંડરીક ગણધારી;
પુંડરિકગીરિ નામ પ્રસિધ્યું, તે માટે મનોહારી. પૂજો. ૩
ઇમ સુરનર કૃત નામ અનોપમ, એકસો આઠ વિચારી;
ભાવ સહિત નિત શ્રમરણ કરિયે, અવિચળ પદ દાતારી. પૂ. ૪
એ ગિરિવરના ગુણ અનંતા, જાણે કેવળધારી;
પણ કહેતાં તે પાર ન પામે, ક્રોડ પૂર્વ ઉચ્ચારી. પૂજો. ૫
ચૌદક્ષેત્રમાં એ તીરથ સમ, તીરથ નહીં ઉપગારી;
વિમળાચળ ભેટયો નહીં જેણે, તે નર બહુ સંસારી. પૂ. ૬

સિદ્ધગિરિ સમરણ દર્શન ફરશન, વંદન પૂજાકારી;
રમણિક સમકિત માણિક ધારી, તે પરણે શિવનારી. પૂ. ૭

અથ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

સનેહી વીરજી જયકારીરે, એ દેશી.

સિદ્ધાચળ ભેટીએ ભવિ ભાવેરે, જિમ જનમ મરણ
દુઃખ જાવે. એ આંકણી.
જીહાં સોહે શ્રીઆદિજિણંદારે, એને પ્રણમે સુરનર ઇંદારે;
એતો ટાળે ભવ ભવ ફંદા. સિ. ૧
એક નેમિ વિના ભગવંતારે, જીહાં ત્રેવિશ જિન અરિહંતારે;
આવ્યા શિવસુંદરી કંતા. સિ. ૨
જીહાં પૂર્વ નવાણું વારરે, પ્રભુ રૂષભ જિણંદ ઉદારરે;
આવ્યા ગુણમણિ ભંડાર. સિ. ૩
વિમળાચળ ગુણ મનોહારરે, કહેતાં નવી આવે પારરે;
જીહાં સિધ્યા સાધુ અપાર. સિ. ૪
એ તીરથ ભવજળ ઝાજરે, ભેટશે ઉજવળ ગિરિરાજરે;
તસ સિઝશે સઘળાં કાજ. સિ. ૫
ગિરિરાજની કીર્તિ ગાશેરે, તસ ઉદ્યોત જગમાં થાશેરે;
તસુ ગુણ અમરગણ ગાશે. સિ. ૬
શ્રીગુમાનવિજય ગુરૂ પાયારે, નમી તાસ પ્રતાપથી ગાયારે;
મુનિ માણિકે સિદ્ધગિરિરાયા. સિ. ૭

અથ શ્રી પર્યુષણાની થોયો.

ગૌતમ બોલે, એ દેશી.

પામી પર્વ પજુષણ સાર, સત્તર ભેદી જિન પૂજા ઊદાર;
કરિયે હરખ અપાર, સદગુરૂ પાસ ધરી બહુ પ્યાર.
કલ્પસૂત્ર સુણીયે સુખકાર, આળસ અંગ ઉતાર;
ધરમસારથિ પદ સુપનાં ચાર, સુપનપાઠક આવ્યા દરબાર.
વીર જનમ અધિકાર, દીક્ષાને નિરવાણ વિચાર;
ખટ વ્યાખાન અનુક્રમે ધાર, સુણતાં હોય ભવપાર. ૧
નમિ સુવ્રત મલ્લિ અર કંત, કુંથુ શાંતિને ધર્મ અનંત;
વિમળ વાસુપૂજ્ય સંત. શ્રીશ્રેયાંસ શીતળ ભગવંત.
સુવિધિ ચંદ્ર સુપાસ ભદંત, પદ્મ સુમતિ અરિહંત;
અભિનંદન સંભવ ગુણખાણ, અજિતનાથ પામ્યા નિરવાણ.
એ વીશ અંતરમાન, પાસ નેમીશ્વર જગદીશાન;
રૂષભ ચરિત્ર કહ્યું પરધાન, સાતસું એહ વખાણ. ૨
આઠમે ગણધર થિવિર ગણીજે, નવમે બારસા સમાચારી લીજે;
નવ વખાણ સુણીજે, ચૈત્યપરિવાડી વિધિશું કીજે.
યથાશકતીએ તપ તપીજે, આશ્રવ પંચ તજીજે;
ભાવે મુનિવરને વંદીજે, સંવચ્છરી પડીકમણું કીજે.
સંઘ સકલ ખામીજે, આગમ વચણ સુધારસ પીજે;
શુભકરણી સવી અનુમોદીજે, નરભવ સફળ કરીજે. ૩

મણિમાં જિમ ચિંતામણિ સાર, પર્વતમાં જિમ મેરૂ ઉદાર;
તરૂમાં જિમ સહકાર, તીર્થંકર જિમ દેવ મોઝાર.
ગુણગણમાં સમકિત શ્રીકાર, મંત્રમાંહી નવકાર;
મતમાં જિમ જિનમત મનોહાર, પર્વ પજુષણ તેમ વિચાર.
સકળ પર્વ શિણગાર, પારણે સ્વામી ભકિત પ્રહાર;
માણિકવિજય વિઘન અપહાર, દેવી સિધ્ધાઈ જયકાર. ૪

·:×✻×:·

અથ શ્રી પર્યુષણાની ગુંહલી.

સખી પર્વ પજુસણ આવીયાં, સખી હૈડે હરખ ન માય;
મોહન વાજાં વાગીયાં.
સ. ઓચ્છવ રંગ વધામણાં, સખી જિન શાસન સોહાય; મો.
વાજાં વાગ્યાંરે વાજાં વાગીયાં; વાજાં વાગ્યાં અમારા
ગામ, મો. ૧
સ. આશ્રવ ભાવને પરિહરિ, સ. ચોખું કરી નિજ ચિત્ત; મો.
સ. કલ્પસૂત્ર ઘર લાવીએ, સ. સ્વજન સહિત ભલી રીત. મો. ૨
સ. નિરમળ થાનક થાપીએ, સ. પાસે દીપ પ્રધાન; મો.
સ. આગળ અગર ઉખેવીએ, સ. કીજીએ ગુણગણ ગાન. મો. ૩
સ. રાતીજગો કરી રંગશું, સ. ત્રણ દિવસ લગે સાર; મો.
સ. પૂજાને પરભાવના, સ. કરીયે વિવિધ પ્રકાર. મો. ૪
સ. સૈયર ટોળી મળી ભણે, સ. મંજુલ મંગળ માળ; મો.
સ. હાથી ઘોડા રથ ગાડીયો, સ. વાજીંત્રનાદ વિશાળ. મો. ૫

સ. કુંવર ચઢયો ગજગંધસે, સ. પાવન પુસ્તક હાથ. મો.
સ. એમ અતી આડંબરે, સ. આવે જીહાં ગુરૂનાથ. મો. ૬
સ. શ્રીગુરૂ મુખ લહી વાચના, સ. હરખિત પુલકિતથાય; મો.
સ. તે અવસર વર શ્રાવિકા, સ. વંદે ગુરૂના પાય. મો. ૭
સ. ચઉગતિ ચૂરણ સાથિયો, સ. પૂરતી ભાવ વિશાળ; મો.
સ. મુક્તાફળશું વધાવતી, સ. ગુંહલી ગાય રસાળ. મો. ૮
સ. છઠઅઠમાદિક તપ કરી, સ. અંક વખાણ ઉદાર; મો.
સ. જે નરનારી સાંભળે, સ. તે પામે ભવપાર. મો. ૯
સ. સંવત ઓગણી એકાવને, સ. ગામ ચમારા મોઝાર; મો.
સ. શ્રાવણ શુદ દિન તેરશે, સ. ગુંહલી કરી સુખકાર. મો. ૧૦
સ. સંભવનાથ પ્રતાપથી, સ. સંઘને લીલા લહેર; મો.
સ. મુનિ માણિક ગુણ ગાવતાં, સ. મંગળ હોય ઘેર ઘેર. મો. ૧૧

અથ શ્રી મહાવીર સ્વામીની ગુંહલી.

વીરજી આવ્યારે વિમળાચળકે મેદાન, એ દેશી.

શાસન સ્વામીરે વીર પ્રભુ ભગવંત,
અચળ અકામીરે અવિકારી અરિહંત. એ આંકણી.
કેવળ જ્ઞાની અતિશય વંત, ગામ નગરપુરમાં વિચરંત;
અમૃતરસ મુખ ચંદ્ર ઝરંત.
પરિકર સાથેરે મુનિવર ચૌદ હજાર, ,,

સુરનર કોડીરે સેવે પદકજ સાર;
નાચ કરંતીરે આગળ ઇંદ્રની નાર. શાસન. ૧
આવ્યા રાજગ્રહી વનખંડ, માનુ ઉગ્યો નવ માર્તંડ;
દીપે તેજ પ્રકાશ પ્રચંડ.
વિશુધ વિરચેરે સમવસરણ તેણી વાર,
જાનુ પ્રમાણેરે વરસાવે ફુલવાર;
તિહાં બહુ વાજેરે સુર વાજીંત્ર ઉદાર. શાસન. ૨
મણિમય હેમ સિંહાસન ચંગ, બેઠા ત્રિભુવનનાથ સુરંગ;
ચામર ઢાળે દેવ અભંગ.
સુરનર તિરીરે આવે થોકના થોક,
સૂરજ દેખીરે જિમ પામે સૂખ કોક;
તિમ પ્રભુ દેખીરે સુખ પામ્યા સહુ લોક. શાસન. ૩
વધામણી લાવે વનપાળ, હરખ્યો શ્રેણિક વસુધાપાલ;
વનચરને દીધો બહુ માલ.
ચતુરંગી સેનારે સજજ કરી નરરાય,
વંદન આવેરે હેડે હરખ ન માય;
વંદી બેઠારે ત્રિશલા નંદન પાય. શાસન. ૪
દેશના દેવે વીર જિણંદ, સાંભળતાં નાસે ભવફંદ;
ઉપજે આતમ અતિ આણંદ.
શ્રેણિક રાણીરે જેહનું ચેલણા નામ,
ગુંહલી બનાવેરે કરી જિનજીને પ્રણામ;
મોતીડે વધાવેરે વીર ચરણ ગુણધામ. શાસન. ૫
કરતાં જીુગતે જિનપતિ જાપ, જગમાં વાધે સુજશ પ્રતાપ;
જાવે સંચીત પાપ કલાપ.

માણિક આપેરે જ્ઞાનાદિક ત્રણ તાર,
ત્રિભુવન દીવોરે વિશ્વંભર સુખકાર;
બહુચિરં જીવોરે ત્રિશલા માત મલ્હાર. શાસન. ૬

અથ શ્રી સુધર્માસ્વામીની ગુંહલી.

અલબેલી હેલીની દેશી.

બેની મોરી રાજગ્રહી વન ખંડમાં, પાંચસે મુનિ પરીવાર;
હો અલબેલી હેલી,
બે. ચાલો સુગુરૂજીને વંદવા એ આંકણી.
બે. સોહમ સ્વામી સમોસર્યા, ચરણ કમળ ગુણધાર હો
અલબેલી હેલી. બેની. ૧
બે. પંચ મહાવ્રત પાળતા, દશજતી ધર્મ ઉદ્ધાર; હો અ.
બે. સંજમ સત્તર ભેદથી, વૈયાવચ્ચ દશ સાર. હો અ. બે. ૨
બે. બ્રહ્મચરજ નવ વાડશું, રત્નત્રયી તપ બાર; હો અ.
બે. છેડે ચાર કષાયને, ચરણ સિત્તરી શ્રીકાર. હો અ. બે. ૩
બે. પિંડ વિશુદ્ધિ ચાર છે, સુમતિ પંચ પ્રકાર; હો અ.
બે. બાર ભાવના ભાવતા, પડિમા વહતા બાર. હો અ. બે. ૪
બે. પાંચે ઈંદ્રી જીપતા, પડિલેહણ પચવીશ; હો અ.
બે. ત્રણ ગુપ્તિ ગુપતા ધરે, અભિગ્રહ ચાર મુનીશ. હો અ. બે. ૫
બે. કરણ સિત્તરીએ પાળતા, શ્રીપંચમ ગણધાર; હો અ.
બે. શ્રેણિક રાજા વંદવા, આવે હર્ષ અપાર. હો અ. બે. ૬

બે. ધર્મદેશના સાંભળે, ગુરૂપદ પ્રણમી ભૂપ; હો અ.
બે. ચેલણા લાવે ગુંહલી, અનુભવ મોતી અનુપ. હો અ. બે. ૭
બે. આસ્તિક પીઠની ઉપરે, સ્વસ્તિક પૂરી ચંગ; હો અ.
બે. હરખે કરતી લુંછણાં, વધાવતી ધરી રંગ. હો અ. બે. ૮
બે. ગણધર માણક આગળે, ગાતી મંગળ ગીત; હો અ.
બે. આગમ અમૃત પીવતી, એ જિન શાસન રીત. હો અ. બે. ૯

અથ શ્રી જંબુસ્વામીની ગુંહલી.

જગપતિ નાયક નેમિજીણંદ, એ દેશી.

ચિત્તહર રાજગ્રહી વન ખંડ, વીરજિણંદ સમોસર્યા;
ચિત્તહર વંદવા શ્રેણિક રાય, બહુ પરિવારશું પરિવર્યા. ૧
ચિત્તહર વંદી પૂછે વિનીત, અવનીપતિ કરી અંજલી;
ચિત્તહર જગદીશ્વર જિનરાજ, ચરમ હોશે કુણ કેવળી. ૨
ચિત્તહર ભાખે સિદ્ધારથ નંદ, સાંભળ શ્રેણિક ભૂપતિ;
ચિત્તહર વિદ્યુનમાલી દેવ, ધર્મ રસિક નિર્મળ મતી. ૩
ચિત્તહર સામાનિક સુર એહ, પંચમ નાકપતિ તણો;
ચિત્તહર રૂપકાંતિ ગુણગેહ, સમકિત દૃષ્ટિ સોહામણો. ૪
ચિત્તહર સ્વર્ગથકી તે દેવ, ચવશે સાતમે વાસરે;
ચિત્તહર તુજ નગરી મોઝાર, શેઠ રૂષભદ-તને ઘરે. ૫
ચિત્તહર ધારણી નામ છે નાર, તેહની કુખે આવશે;

ચિ-તહુર અંતિમ કેવળી જાણ, જંબૂ નામે તે થશે. ૬
ચિ-તહુર વંદી શ્રીભગવંત, મુક્તાફળ સ્વસ્તિક કરી;
ચિ-તહુર ચેલણા રાણી તામ, ગુંહલી કરે ઉલટ ધરી. ૭
ચિ-તહુર વીર પ્રભુને પ્રતાપ, પાપ તાપ દૂરે ટળે;
ચિ-તહુર મુનિમાણિક ગુણખાણ, સેવ્યાથી શિવસુખ મળે. ૮

અથ શ્રી મુનિભૂપની ગુંહલી.

ગોકુળ મથુરારે વાલા, એ દેશી.

મુનિવર રાજારે સજની, નમતાં નાસે પાતિક રજની;
ધીરજ નામેરે તાત, માતા જાસ ક્ષમા વિખ્યાત. મુનિ. ૧
વિરતી નારીરે સારી, મંત્રી નામ વિવેક વિચારી;
સંવેગ નંદનરે સાર, દ્વારપાળ સંવર સુખકાર. મુનિ. ૨
વિનય તુરંગમરે ચંગ, આર્જવ પટહસ્તી ઉતંગ;
રથ સીલાંગરે ઉદાર, શમદમ આદી સુભટ અપાર. મુનિ. ૩
ધર્મ શુક્લ શુભરે ધ્યાન, ચામર શોભે સુંદરવાન;
જિનવર આણા શિરછત્ર, સિંહાસન સંતોષ પવિત્ર. મુનિ. ૪
ભૂમિતલ સજ્યારે ખાસ, આત્મ સ્વભાવ તે મંદિર જાસ;
જ્ઞાન દીપકશુંરે દીપે, અંતર મોહતમોભરજીપે. મુનિ. ૫
એવા મુનિવરને આગે, શ્રાવિકા સંજમ ગુણરાગે;
ગુંહલી કરીનેરે માગે, અજરામર પદ અનુભવ લાગે. મુનિ. ૬

વળી વળી ગુરૂમુખને જોતી, ચરણ વધાવે ઉજવળ મોતી;
મુનિમાણેક પદને નમતી, મંજીલ ગીત ગાતી મન
ગમતી. મુનિ. ૭

અથ શ્રી જંગમ તીરથની ગુંહલી.

સજની મોરી જંગમ તીરથ વંદોરે, સજની મોરી પામો
પરમાનંદોરે;
સ. સંજમ સ-તર પ્રકારરે, સ. આરાધે અણુગારરે. ૧
સ. પંચ મહાવ્રત પાળેરે, સ. ચાર કષાયને ટાળેરે;
સ. પાંચ વિષયને પીલેરે, સ. ત્રણ ગુપ્તિ રસ ઝીલેરે. ૨
સ. બાવીશ પરિસહ સહેતારે, સ. આપ સ્વભાવમાં રહેતારે;
સ. સમતારસ ભંડારરે, સ. તે મુનિ તારણહારરે. ૩
સ. જ્ઞાનરયણના સિંધુરે, સ. જગજીવન જગબંધુરે;
સ. મીઠી મુનિવર વાણીરે, સ. જેવું સાકર પાણીરે. ૪
સ. સુરનર શિવસુખ લેવારે, સ. સારે જસપદ સેવારે;
સ. એવા મુનિવર આગેરે, સ. નારી અક્ષય ફળ માગેરે. ૫
સ. ગુંહલી કરે શુભ ભાવેરે, સ. મુકતાફળથી વધાવેરે;
સ. વળી વળી ગુરૂમુખ જોતીરે, સ. પાતિકડાં નિજ ધોતીરે. ૬
સ. માતપિતા ગુરૂરાયારે. સ. પરમ પ્રતાપ કહાયારે;
સ. પૂરણ પુણ્યે પાયારે, સ. મુનિમાણિક ગુણ ગાયારે. ૭

અથ શ્રી ગુરૂઆગમની ગુંહલી.

જીરે ગણધર આવ્યા છે ચાલો વંદવા, એ દેશી.
જીરે આજ મનોરથ સવી ફળ્યા,
જીરે આજનો દિન શુભકારરે;
હો બેની મોરી ગુરૂજી પધાર્યા ચાલો વંદવા.
જીરે સુમતિ ગુપ્તિ મુનિ પાળતા,
જીરે પંચ મહાવ્રત ધારરે; હો બેની મોરી
ગુરૂજી પધાર્યા ચાલો વંદવા. એ આંકણી. ૧
જીરે ગામ નગરપુર દેશમાં,
જીરે વિચરંતા મુનિરાજરે; હો બેની.
જીરે તરણ તારણ ભવિ જીવને,
જીરે સંસાર સિંધુમાંહી ઝાજરે. હો બેની. ૨
જીરે દોષ બેતાળીશ ટાળીને,
જીરે લેતા શુદ્ધ આહારે; હો બેની.
જીરે શોક હરખ નહીં જેહને,
જીરે કરૂણારસના ભંડારરે. હો બેની. ૩
જીરે જ્ઞાન ધ્યાન તપ હેતીએ,
જીરે કરમ ભરમ કરે દૂરરે; હો બેની.
જીરે આપ સ્વભાવમાં જે રહે,
જીરે અનુભવ આનંદપૂરરે. હો બેની. ૪
જીરે એવા મુનિને નિત વંદીએ,
જીરે તો ભવોભવ દુઃખ જાયરે; હોં બેની.

જીરે માણિકવિજય કહે નમું;
જીરે હું પણ તેહના પાયરે. હો બેની. ૫
જીરે સંવત ઓગણી પીસ્તાળીશે,
જીરે લીંબડી શહેર મોઝારરે; હો બેની.
જીરે કાર્તિક વદ દિન તેરશે,
જીરે ગુંહલી કરી સુખકારરે. હો બેની. ૬

-:×✱×:-

અથ શ્રી ગુરૂવિહારની ગુંહલી.

વીર કહે ગોતમ સુણો. એ દેશી.

સમરી સરસ્વતી સ્વામીની, પ્રણમી ગણપતિ પાયરે;
ગુણગીરૂવા ગુરૂજી તણા, ગાતાં હરખ ન માયરે. ૧
આજ રહો મુનિરાજજી, તુંમને કહું કરજોડરે;
આવડી ઉતાવળ શું કરો, શીછે દોડા દોડરે. આજ. ૨
પાટણ પાટણ શું કરો, પાટણ કેવું છે સહેરરે;
ગામસીપોર ગમતું નથી, એવી કેવી ત્યાં લ્હેરરે. આજ. ૩
સંઘ સકળની સાંભળો, આટલી અરજ ઉદારરે;
એક ચોમાસું ઇહાં કરો, વળતાં કરજો વિહારરે. આજ. ૪
તુંમ વિણ કુણ સમજાવશે, વાંચશે કોણ વખાણરે;
બાધા આખડી કોણ આપશે, તિમવળી વ્રત પચખાણરે. આ. ૫
વોહરવા કોણ હવે આવશે, દેશે કોણ ધર્મ લાભરે;

ગામ શોભા તુમ વિણ ગઈ, સૂરજ વિના જેમ આભરે. આ. ૬
નિત્ય ઉપાસરે વંદવા, જઈશું કેહની પાસરે;
સુખશાતા કોને પૂછશું, પામી મન ઉલાસરે. આજ. ૭
સરસ વચન તુમ દેશના, વરસતી અમૃત ધારરે;
તે કિમ અમને વિસરે, મોટા તુમ ઉપગારરે. આજ. ૮
સર્વ કળા ગુણથી ભર્યા, પંડિતમાં શિરદારરે;
ધર્મ સનેહી સાધુજી, જિન શાસન શિણગારરે. આજ. ૯
કરગરીને સહુ વિનવે, નયણે આંસુની ધારરે;
પાછા વળજો સાહિબા, લાવી કરૂણા લગારરે. આજ. ૧૦
વળતું મુનિવર ઈમ કહે, સુણજો શ્રાવક સારરે;
વિનય વિવેક વડા તુમે, ધરતા મુનિ ગુણ પ્યારરે. વળતું. ૧૧
વીરની આણાછે એહવી, ન રહે થીર અણગારરે;
એક ઠામ રહેતાં થકાં, ન પળે સાધુ આચારરે. વળતું. ૧૨
ઉતરાધ્યયન માંહી કહ્યું, જેનો સાધુનો વેષરે;
એક મુકામ તે નવી રહે, વિચરે દેશ વિદેશરે. વળતું. ૧૩
નવ નવ દેશ જવા થકી, થાય ભવિક ઉપગારરે;
ધર્મ તણી વૃદ્ધિ ઘણી, વરતે જયજય કારરે. વળતું. ૧૪
સંજમ બાધા ન નીપજે, હોવે જગ બહુ માનરે;
શાસનની શોભા વધે. લેખે લાગે જ્ઞાનરે. વળતું. ૧૫
તવ શ્રાવક વિનયે કહે; સાંભળજો મુનિરાજરે,
તરણ તારણ ભવિ લોકને. તુમે ભવજળ ઝાજરે. તવ. ૧૬
પાછા વેહેલા પધારજો, ગામ સીપોર મોઝારરે;
દુર્લભ દર્શન દાસને, દેજો ગુણ ભંડારરે. તવ. ૧૭

કોઈ દિન અમને સંભારજો, મુનિવર મેહેરબાનરે;
છે અમ તુમ કેરો આશરો, ધરશું નિત તુમ ધ્યાનરે. તવ.૧૮
શ્રાવક તુંમચા છે ઘણા, તુમે છો અમ એકરે;
કરૂણા નજરથી તારવા, એ તુમ ઉચિત વિવેકરે. તવ. ૧૯
અધિકુ ઓછું તુમને કહી; જે કાંઈ કીધું હોયરે;
તે ખમજો સમતાનિધિ, તુમ સમ અવર ન કોયરે. તવ. ૨૦
પરમ પ્રતાપ પૂરણ ગુણી, મુનિ માણક મહારાજરે;
દિન દિન તુમ પદવંદના, હોજો શિવસુખ સાજરે. તવ. ૨૧

અથ શ્રી આત્મબોધની સઝાય.

કેશરીયાલાલની દેશી.

સુણ સુણ સુંદર આતમા, કેશરીયાલાલ.
સમરો શ્રી અરીહંતરે. કેશરીયાલાલ.
જિવિત ખીણ ખીણ જાય છે, કે. જાગી જો મતિમંતરે.
કે. સુણ. ૧
ધન કણ કંચન કામિની. કે. યોવનરૂપ અસારરે; કે.
મોટાં મંદિર માળીયાં, કે. આખર નાવે લ્હારરે. કે. સુણ. ૨
માત પિતા ભાઈ બેનડી, કે. પુત્ર સુતા પરીવારરે; કે.
સ્વારથનાં સઘળાં સગાં, કે. કોઈ ન કરે તુજ સારરે. કે. સુણ. ૩
કાયા માયા કારમી, કે. જાતાં લાગે ન વારરે; કે.
કર્મ શુભાશુભ જે કર્યાં, કે. તે ભોગવે કીરતારરે. કે. સુ. ૪

ચક્રી હલાયુધ કેશવા, કે. મહામાની બળવંતરે; કે.
તે પણ કાળે સંહર્યા, કે. કોણ અમર જગ હુંતરે. કે. સુ. ૫
રાવણ સરીખા રાજવી, કે. રોળ્યા રણમાં જેહરે; કે.
તો શી ગિણતી તાહરી, કે. મૂકો મોહ સનેહરે. કે. સુ. ૬
ઋદ્ધિ સર્વ અસાર છે, કે. જેવું પીંપળ પાનરે; કે.
એક દિન જાવું એકલું, કે. ન કરો જૂઠ ગુમાનરે. કે. સુ ૭
માનવ ભવ અતિ દોહિલો, કે. દોહિલો આરજ દેશરે; કે.
ઉત્તમ કુળ પણ દોહિલું, કે. દોહિલો ગુરૂ ઉપદેશરે. કે. સુ. ૮
સામગ્રી સઘળી લહી, કે. નહીં સાધો જિન ધર્મરે; કે.
તો પાછળ પસ્તાવશો, કે. ધર્મ વિના નહીં શર્મરે કે. સુ. ૯
ધન ધન નેમીનાથને, કે. સુણી પશુઆં પોકારરે; કે.
પત્ની રાજુલ પરિહરી, કે. લીધો સંજમ ભારરે. કે. સુ. ૧૦
વરજી આઠે વલ્લભા, કે. કનક નવાણું કોડરે; કે.
વ્રત પાળી સિદ્ધિ વર્યા, કે. જંબૂ નમું કરજોડરે. કે સુ ૧૧
કરકંડુ પ્રતિબૂઝીયા, કે. નિર્બલ વૃષભ નિહાળરે; કે.
કરમ કટકશું ઝુઝીયા, કે. લઈ સંજમ કરવાલરે. કે. સુ. ૧૨
કોશા વેશ્યાને તજી, કે. શ્રીસ્થૂળીભદ્ર મુનીશરે; કે.
ચોમાસું રહી બૂઝવી કે. જગમાં જાસ જગીશરે. કે. સુ. ૧૩
વયરસ્વામી દીક્ષા વરી, કે બાળપણે લહી બોધરે; કે.
મદન મતંગજ કેસરી, કે. લીધી આતમ શોધરે. કે. સુ. ૧૪
ઇત્યાદિક મુનીરાજનો, કે. પરખી ગુણ પરતાપરે; કે.
વિષય નિવારી વેગળા, કે. કરો જિન માણેક જાપરે કે સુ.૧૫

--:૦:--

અથ શ્રીચેતન ઉપદેશની સઝાય.

આપ સ્વભાવમાંરે અબધુ સદા મગનમાં રહેના, એ દેશી.

ચેતન ચેતીયેરે નરભવ ફીરી ફીરી નહીં આવે,
મોહનિંદમેં કયાં તુ સોયા; આયુ ખીણ ખીણ જાવે. ચેતન. ૧
ધનકણ કંચન રમણી પાયા, મંદિર માળ ચણાયા;
સરસ આહારે પોષી કાયા, પણ તુજ કોણ સહાયા. ચે ૨
પુણ્ય પાપ દોનું હે તેરા, દાયક સુખ દુઃખ કેરા;
યું જાણી કર ધર્મ કાજકું, કહ્યા માન લે મેરા. ચે. ૩
જીસકી સાથ તું ખાતા પીતા, રમતા પ્રીતી અખંડે;
તેબી ખાખ થયે તેં દેખે, આબ કયું પ્રમાદ ન છંડે. ચે. ૪
ધર્મ છોડકર વિષય સુખમેં, કયાં તું મુરખ પેસે;
ભરદરિયામેં વહાણ છોડકર, પથરપર કોણ બેસે. ચે. ૫
મુનિમાણિક કહે નરભવ લેકર, ફોકટ કયાં તું ગમાવે;
ઝટપટ કરલે જૈનધર્મકું, જનમ જનમ સુખ પાવે. ચે. ૬

ઝુલણા છંદ.

અરજ સુણ આજ જિનરાજ સેવકતણી,
તાર ભવ પાથ જગનાથ સ્વામી;
બહુ કરિ કર્મ તજી ધર્મ ભમી ભવ ઘણા,
આવી ઉભો હું પદ પદ્મ પામી. અરજ. ૧
જગચંદ સુરનંદ કુંથું વિભુ,

ફેડ ભવફંદ દેવાધિદેવા;
દુઃખ સંચય ભવ તરણ તારણા,
સુખકરણ તુજ કરૂં પાદ સેવા. અરજ. ૨
નિરયવારણ ચરણ સરણ તુજ હું કરૂં;
કુમતિ હરી આલ સુમતિ દયાળુ;
જનન જયાની મરણ દુઃખ ટાળો પ્રભુ;
મુજ ઉપર મેહેર કરીને કૃપાળુ. અરજ. ૩
મોહતિમિર હરિ મહેશ મનમોહના,
કાપ ભવ તાપને ગુણસિંધુ;
આપ શિવશાત જગતાત પરમાતમા,
પાપ સંતાપ હર વિશ્વબંધુ. અરજ. ૪
સમાજ લઘુ આદ્ય શિવરાજ લેવા ભણી,
નિત્ય તુજ નાથ ગુણ ગાથ ગાવે;
વિનયથી ઈશ તુજ પાદપંકજ પ્રતે,
દાસ માણેક સદા શિશ નમાવે. અરજ. ૫

ભુજંગી છંદ.

કરૂણાનિધિ પાપવારૂ જિણંદા,
નમું નાથજી તુજ પાદારવિંદા;
વિનંતી અમારી પ્રભુ આ સ્વીકારો,
નમિનાથ સંસાર સિંધુ ઉતારો. ૧
અનંતા ભવો આથડયો ગુણધામી,
ધરૂં ધ્યાન તારૂં હવે હું વિશામી;
દીનાનાથ દુરિત સંદોહ વારો. નમિનાથ. ૨

કરૂં શર્ણું તારૂં પ્રભુ શર્મકારી,
વિભુ દર્શન દેજો દયા ઉર ધારી;
નથી તુજ વિના બીજો તારનારો. નમિનાથ. ૩
કહું હસ્તજોડી ત્રિલોકેશ સ્વામી,
તમે આપજો મોક્ષને મોક્ષગામી;
નમે મુનિમાણિક્ય દાસેય તારો. નમિનાથ. ૪

ચોવીશ જિનનું સ્તવન.

રાગ ઇંદ્રસભાનો.

પ્રહ ઉઠી મેં પ્રેમે સમરૂં, પરમાતમ જિન નામ;
હસ્ત જોડકે ચોવિશ જિનકું, નિત્ય કરૂં પ્રણામ. ૧
સુનંદા રાણીના સ્વામી, આદીશ્વર અરિહંત;
અજિતઅજિત સંભવ અભિનંદન, સુમતિનાથ શિવકંત. ૨
પદ્મ સુપાર્શ્વ ને ચંદ્રપ્રભુશું, લાગ્યો અવિહડરંગ;
સુવિધિ શીતળ શ્રેયાંસ સમરતાં, ઉછળે જ્ઞાન તરંગ. ૩
વાસવ વંદિત વાસુપૂજ્યજી, વિમલ અનંત મહંત;
ધર્મ શાંતી કુંથુ અર મલ્લી, મુનિસુવ્રત ભગવંત. ૪
શ્રી નમિ નેમ નિરંજન નમિયે, પાર્શ્વનાથ મહાવીર;
ચોવીશ જિન માણેક ગુણ ગાતાં, લહીયે ભવજળ તીર. ૫

ઋષભદેવનું સ્તવન.

કહું શું નશીબે દુઃખીઓ કીધો છે. એ રાગ.

રૂષભ જિણંદા પરમ દયાળુ,
ભાગ્ય થકી તુજ મુખડું નિહાળું. રૂષભ. ૧
કામિત પૂરણ સુરતરૂ સ્વામી,
તુમ દર્શનથી પાપ પ્રજાળું. રૂષભ. ૨
પદ પંકજ તુજ પૂજન કરીને,
ચારગતિ ભવ ફેરા ટાળું. રૂષભ. ૩
નિત નિત તુમ પદ વંદન કરતાં,
સમકિત દર્શન ગુણ અજવાળું. રૂષભ. ૪
મુનિ માણેક ભવસાગર તરવા,
પરમાતમ તુજ આણ હું પાળું. રૂષભ. ૫

આદિશ્વરનું સ્તવન.

પૂર્ણ થયો છે ખેલ. એ રાગ.

આદિશ્વર જિનરાજ, તારો પ્રભુ આદિશ્વર જિનરાજ. એ ટેક.
મરૂદેવી નંદન, જગદાનંદન; દેવ સકળ શિરતાજ. તા. ૧
દુઃખ દાવાનળમાં બળો આવ્યો, તુમ શરણું હું આજ. તા. ૨

તું મુજ તાત ને તું મુજ ભ્રાતા, ત્રાતા તું મહારાજ. તા. ૩
તું ગતિ તું મતિ તું મુજ વાલ્હો, તારણ ભવજળ ઝાજ. તા. ૪
તું માધવ તું શંકર બ્રહ્મા, સાહિબ ગરિબ નિવાજ. તા. ૫
તુજ દરશનથી દુર્ગતિ ટાળી, સિધ્યાં સઘળાં કાજ. તા. ૬
માણેક તુજ પદ સેવક માગે, આપો શિવપુર રાજ. તા. ૭

આદીશ્વરનું સ્તવન.

પૂર્ણ થયો છે ખેલ. એ રાગ.

આદીશ્વર ભગવંત ભાવે ભજો આદીશ્વર ભગવંત. એ ટેક
ભવ દુઃખવારણ શિવસુખ કારણ, રાણી સુનંદાનો કંત. ભા. ૧
અંતરજામી ત્રિભુવનસ્વામી, દોષ રહિત ગુણવંત. ભા. ૨
જ્ઞાનવિલાસી ધર્મપ્રકાશી, ચોત્રીશ અતિશયવંત. ભા. ૩
આતમરામી શિવપુરગામી, પારંગત અરિહંત. ભા. ૪
સકળ ઉપાસી વિમળઅનાશી, માણેક તેજ મહંત. ભા. ૫

અજીતનાથનું સ્તવન.

પરખી પરખી પરખી પરખી સોન સુંદરી સુજાણ. એ રાગ.

અરજી અરજી અરજી અરજી, દેવ અજીતનાથ આજ. એ ટેક.
શ્રી જિનરાજ વિશ્વતાજ, ભવજહાજ ગુણસમાજ;

દાસ દુઃખ સકળ દૂર, હરજી હરજી હરજી હરજી. દેવ અજીત.
અરજી. ૧
જગતચંદ, મોહકંદ, કરમફંદ, મુજ નિકંદ તુજસમાન
ગુણનિધાન, કરજી કરજી કરજી કરજી, દેવ અજિત. અ. ૨
મોક્ષશાત, આપતાત, માતભ્રાત, એહવાત;
માણેકવિજયની દિલમાંહી, ધરજી ધરજી ધરજી ધરજી,
દેવ અજિત. અરજી. ૩

સંભવનાથનું સ્તવન.

રાગ બનઝારો.

ભવી થિર કરિ મન વચ કાયા, પ્રણમો સંભવજિન રાયા.
એ ટેક.
જસ તાત જિતારી રાયા, સેના માતાના જાયા;
વર કંચનવરણી કાયા. પ્ર. ૧
સાવથ્થી જન્મ ધરાયા, માનુ જગતારણ આયા;
ભવસાગર પોત સુહાયા, પ્ર. ૨
દીક્ષા અવસર જબ આવે, લોકાંતિક દેવ કહાવે;
થાપો તીરથ સુખદાયા. પ્ર. ૩
પ્રભુ અવધિ જ્ઞાનથી જાણી, સંજમ અવસર ગુણખાણી;
દે વરસીદાન જગતાયા. પ્ર. ૪
વ્રત ઉચરે જિનવર જ્યારે, મન પર્યવ ઉપજે ત્યારે;

પછી કેવળ કમળા પાયા. પ્ર. ૫
પ્રભુ સંઘ ચતુર્વિધ થાપી, કેઇ જીવને સમકિત આપી;
શિવમંદિરમાંહી સધાયા. પ્ર. ૬
મુનિમાણેક વંદે ભાવે, ગુણ રોજ તુમારા ગાવે;
દૂર ટાળો ચાર કષાયા. પ્ર. ૭

·:×✱×:·

અભિનંદન સ્વામીનું સ્તવન.

થયો છે રે, એ રાગ.

થયું છેરે પ્રભુ પુણ્યઉદયથી તુજ દર્શન આજે. એ ટેક.
તુજ દર્શન વિણ ભવ મંડળમાં, ભમિયો કાળ અનંત.
જિનચંદા, સુખકંદા, ભવફંદા, મતિમંદા,
કાપ આપ હવે જ્ઞાન દશા જિમ રૂચકાંતર ભાજે. થયું. ૧
દર્શનથી જો દર્શન પ્રગટે, તો આનંદ ન માય,
સુખ સંગે, અતિ ચંગે; મનરંગે, ઉછરંગે.
આતમ અનુભવ અમૃત ઉલસિત અજરામર રાજે. થયું. ૨
સંવરનંદન જગદાનંદન શ્રીઅભિનંદન દેવ,
ગુણવંતા, અરહંતા; શિવકંતા, જયવંતા.
ગામ સોદરા મંડણ જિન માણેક મહિમા ગાજે. થયું. ૩

અભિનંદન સ્વામીનું સ્તવન.

રાગ ગજલ.

અભિનંદન આપ હુજૂરમાં, આજ આવીને કરૂં વિનતી. એ ટેક.
હું તો મોહ ઉન્માદે નડયો, જંજીર કુકર્મે જડયો;
ભવિતવ્યતા વશમાં પડયો, અતિ આથડયો ચારે ગતિ. અ. ૧
એક દામને બીજી કામિની, સંસારમાં સુખ મેં ગણી;
લહી વેદના પીડા ઘણી, બેઠો નહીં ઠરીને રતિ. અ. ૨
કરૂણાનિધિ કરૂણા કરી, હવે દુઃખ સર્વ દૂરે હરી;
ભવસિંધુ પાર પમાડીને, માણેકને દ્યો સિદ્ધિગતિ. અ. ૩

સુમતિનાથનું સ્તવન.

ડરમાં તું દિલ સાથ છોકરા, એ રાગ.

તરવા આ સંસાર, આતમા તરવા આ સંસાર;
સુમતિ શરણ દિલધાર આતમા તરવા આ સંસાર. એ ટેક.
કાલ અનાદિની ચાલ નિવારી, સમકિત પરિણતી શુદ્ધ સમારી;
અનુભવ મિત્રનું માન વધારી, જ્ઞાનાનંદ વિલાસ વિચારી.
શ્રીજિન માણક ગુણ સંભારી, જો નિજ રુદ્ધિ અપાર;
આતમા તરવા આ સંસાર; સુમતિ શરણ દિલધાર. આ. ૧

પદ્મપ્રભ સ્વામીનું સ્તવન.

કુમાર મેરે પ્યારે જોજોન પેલો કુમાર, એ રાગ.

કૃપાળ મેરે પ્યારે પદ્મ પ્રભુજી કૃપાળ, એ ટેક.
પદકજ નમતાં, સુખ મન ગમતાં; સેવક પામે રસાળ.
રસાળ મેરે પ્યારે પદ્મ પ્રભુજી કૃપાળ. કૃપાળ. ૧
ભવ દુઃખ હરજો, શિવસુખ કરજો; દેવાધિદેવ દયાળ.
દયાળ મેરે પ્યારે પદ્મ પ્રભુજી કૃપાળ. કૃપાળ. ૨
તુજ ગુણ થુણિયે, દુરિતને હણિયે; વિશ્વ માણક મયાલ.
મયાલ મેરે પ્યારે પદ્મ પ્રભુજી કૃપાળ. કૃપાળ. ૩

સુપાર્શ્વનાથનું સ્તવન.

રાગ કલ્યાણ.

શ્રીશુભંકરા સુપાર્શ્વ જિનવરા, તાર તાર તાર તાપ
આપદા હરા. એ ટેક.
ત્રિભુવન મંડન પાપ વિહંડણ, દેવ દેવના દેવ;
ભવજળ તારણ શિવ સુખ કારણ, સારૂં તુજપદ સેવ. શ્રી.૧
ભવ આથડિયો મોહે નડિયો, પામ્યો દુઃખ અનંત;
નામ તમારૂં તારક સુણી, આવ્યો છું ભગવંત. શ્રી. ૨

ગુણમણિ સિંધુ ભવિજન બંધુ, સાહિબ દીન દયાળ;
સેવકને પ્રભુ નેહ નજરથી, એકવાર નિહાલ. શ્રી. ૩
ઘોર તમોભરહરણ દિવાકર, પરમાતમ પરધાન;
ભ્રાત તાત તુંહીં મુજ ત્રાતા, કરજો આપ સમાન. શ્રી. ૪
વિશ્વંભર કરૂણાકર સ્વામી, સકળ જીવ વિશરામ,
સંકટ કાપો શિવસુખ આપો, જિન માણેક સુખધામ. શ્રી. ૫

ચંદ્રપ્રભ સ્વામીનું સ્તવન.

રાગ દક્ષિણી લાવણી.

અર્જી ઉર ધરો, ચંદ્રપ્રભ સ્વામીરે;
આવ્યો દાસ, તારી પાસ, રાખી આશ, મન ઉલ્લાસ.
આજે અવસર પામીરે. અર્જી. ૧
દુઃખ દૂર હરો, અરિહા આતમરામીરે;
કરૂણાવંત, શ્રીભગવંત, વિશ્વકંત, ભવનો અંત.
આપો અંતરજામીરે. અર્જી. ૨
મોક્ષ સુખ કરો, મોહન મોક્ષગામીરે;
સુગુણગાથ, ગાવે નાથ, જોડી હાથ, વંદન સાથ.
માણેક મસ્તક નામીરે. અર્જી. ૩

સુવિધિનાથનું સ્તવન.

તુને કમળાજી અરવા, એ રાગ.

ભવપાર ઉતરવા, ઓ ભવિ પ્રાણી ભવપાર ઉતરવા;
સુવિધિ જિનેશ્વર પદકજ સેવો. ભવ. એ ટેક.
દેવ સમર્થ છે એ દુનિઆમાં, દુઃખ દોહગ હરવા. ઓ. ૧
આપતિ નરપતિ સુરપતિ સેવે, હિત આતમ કરવા. ઓ. ૨
મુનિમાણેક કહે હું પણ સેવું, શિવ સંપદ વરવા. ઓ. ૩

—:૦:—

શીતળનાથનું સ્તવન.

પામ્યો પામ્યો પદમણી નારી હો, એ રાગ.

તારી પ્યારી મૂરતિ મનમાની હો, પ્રભુ શીતળ જિનવર જ્ઞાની;
કંચનરત્ન મુકુટ શિર છાજે, કાને કુંડળ રવિસમ રાજે.
માળ ગળે મુકતાની હો. પ્રભુ. ૧
બાંહે બાજુ તિલક કપાળે; દર્શન કરતાં ભવદુઃખ ટાળે;
જન્મ મરણ કરી હાની હો. પ્રભુ. ૨
સેવકનાં સવિ સંકટ કાપો, અવિચળ અમૃતપદ સુખ આપો;
જિન માણેક ગુણખાની હો, પ્રભુ. ૩

શ્રેયાંસનાથનું સ્તવન.

ચાલો આવાર સહુ કરો ન વાર પ્યારા, એ રાગ.

સેવો સેવો તુમે શ્રેયાંશનાથ ભવી;
કામિત પૂરણ સુરતરૂ કામગવી;
મૂરતી મનોહર મોહનવેલ નવી,
ચંદ્રવદન પ્રભુ દીપે જ્યું તેજ રવી.
તરણ તારણ ભવસાગર ઝાજ.
વિષ્ટપતાજ, ગરીબ નિવાજ; સુખ સમાજ.
દઈ શિવરાજ, સેવક કાજ; સારે આજ. સેવો. ૧
કર્મ કઠિનગિરિ ભેદન સાર પવી,
ગુણ અનંત ગણી શકે ન કોઇ કવી;
દેવ અનુત્તરથી છે અધિક છવી,
સેવે સુરાસુર દેવના દેવ સવી.
મુનિમાણેક નમે બે કરજોડ,
મદને મોડ, કર્મને તોડ; કાઢો ખોડ,
પ્રભુની જોડ, દેવ કોડ, નાવે હોડ. સેવો. ૨

વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન.

રે ના બોલો આવી વાત, એ રાગ.

અબ મોય તારો વાસુપૂજ્ય, વાલ્હા હો વિશ્વસ્વામી. અબ.
પ્રભુ કરૂણારસ ભંડાર, નોંધારાના આધાર;
કર સેવકનો ઉદ્ધાર,
કર સેવકનો ઉદ્ધારરે, મોય તારો વાસુપૂજ્ય. અબ. ૧

શાખી.

ભમતાં આ ભવચક્રમાં, વીત્યો કાળ અનંત;
જન્મ જરાને મરણનાં, દીઠાં દુઃખ દુરંત.
વાલ્હા હો વિશ્વસ્વામી, અબ મોય તારો વાસુપૂજ્ય. ૨
પુણ્યોદયથી મહારાજ, મનમોહન મળિયા આજ;
મુનિમાણેક દો શિવરાજ,
મુનિમાણેક દો શિવરાજરે, મોય તારો વાસુપૂજ્ય. અબ. ૩

વિમળનાથનું સ્તવન.

અવર મદન અલબેલો, એ રાગ.

મૂરતિ મોહનવેલી, વિમળજિન મૂરતિ મોહનવેલી. એ ટેક.
નિરખ નિરખ સુરનર મન મોહે, સમતારસની ભરેલી. વિ. ૧

દ્રવ્ય ગુણ પરજાયને મુદ્રા, ચઉગુણ વરણ વરેલી. વિ. ૨
વદન વિલોકિ વિધુ શરમાણો, તેજથી હાર્યો હેલી. વિ. ૩
સુંદર હસ્ત ચરણ જોઇ જળમાં, કમળ ગયાં થલ મેલી. વિ. ૪
જિન માણકપદ પૂજક કરશે, શિવ કમળા ઘરકેલી. વિ. ૫

વિમળનાથનું સ્તવન.

આમ શું કરે છે આલી. એ રાગ.

તાર તાર જિનવર વિમળ વિગતમળ,
સકળ કલુષમળ અનલ સજળ જળ;
ધર પટળ પ્રબળ દુઃખાલી દળ દળ. એ ટેક.
ચલન કમળ દળ અલિ સુર મંડળ,
વર આખંડળ નમત સકળકળ;
નિખિલ લલિત મંગળ કમળા કળ,
સકળ સબળ મુજ મળ મળ. તાર. ૧
દળિત કરમ દળ બળ અચળ અકળ,
વિમળ કેવળ વર વસુભર ઝળ હળ;
નવળ ધવળ દર્શન અવિરળ ફળ,
મુનિ માણેક જપે પળ પળ. તાર. ૨

અનંતનાથનું સ્તવન.

રાગ માઢ.

શ્રીઅનંત પ્રભુ જિનરાજરે, અર્જ સુણોને આજ. એ ટેક.
લાખ ચોરાશી જીવા યોની, હું રઝળ્યો સંસાર;
ભૂ જળ તેઉ વાણી તણી ત્યાં, સગ સગ લાખ પ્રકારરે. અર્જ ૧
દસલખ પ્રત્યેક તરૂ સાધારણ, ચોદ લાખ નિરધાર;
બેઇંદ્રી તેઇંદ્રી ચઉરિંદ્રી, દોદો લાખ વિચારરે. અર્જ. ૨
ચારલાખ તિર્યંચ પંચેંદ્રી, ચઉ ચઉ નારક દેવ;
ચોદલાખ નરયોનીમાં પણ, પામ્યો નહી તુજ સેવરે. અર્જ. ૩
પુણ્ય દશા અબ પૂરણ જાગી, ભાગી અનાદિની ભૂલ;
નાથ નિરૂપમ તું મુજ મળિયો, દાયક ભવજળ કૂળરે. અર્જ.૪
કરૂણા સાગર ગુણમણિ આગર, દેવના દેવ દયાળ;
મેહેર કરી મુનિ માણેક વારો, જન્મ મરણ જંજાળરે. અર્જ ૫

અનંતનાથનું સ્તવન.

ખંતેથી નમી તને અંતે વિનવીએ. એ રાગ.

સ્વામી અનંત શિર નામી પ્રણમીએ, તીર્થનાથ, મુક્તિસાથ,
મોહજાળ, કર્મટાળ, માત, તાત, ભ્રાત, ત્રાત. સ્વામી. ૧
પદકજ સેવા તારી, પ્રભુ મુને લાગે પ્યારી;

વિપદા વિદારનારી, સંપદા વધારનારી;
પાપ તાપ વારનારો, ભવજળ તારનારી;
દૂર કરે દુરમતિ, આપે શિવપુર ગતિ.
માણેકવિજય યતિ, ગાવે નિત ગુણ તતિ;
દાત, આપ, શાત, જાત.   સ્વામી. ૨

ધર્મનાથનું સ્તવન.

પ્યારસેં બદલી કયું નજર તોરી. એ રાગ.

નાથજી છે સાચો ધરમ તારો—નાથજી. એ ટેક.
ધર્મ ધુરંધર ધર્મ જિનેશ્વર, સાચો તારો ધર્મ;
અવર ધરમ સબ જગમાં જૂઠા, હવે લહ્યો મેં મર્મ. ધરમ.૧
દાન શીયળ તપ ભાવના તુજ, ધર્મના ચાર પ્રકાર;
આણાએ આરાધન કરતાં, ઉતારે ભવપાર.   ધરમ. ૨
ચિંતામણિ એ ચિંતા ચૂરે, પૂરે વાંછિત કોડ;
મુનિ માણેક તુજ પરમ ધરમને, વંદુ બે કરજોડ. ધરમ. ૩

——:×✱×:——

શાંતિનાથનું સ્તવન.

રાગ. માઢ તાલ દાદરો.

સીદ કલ્પાઓ સતાઓ હુંછુ રંક જુઓ જરી દિલપર ધારીરે. એ રાહ.

શ્રીજિન શાંતિ સુકાંતિ તું છે, વિશ્વ વિભુ સહી
શિવ સુખકારીરે. એ ટેક.
દુઃખ હારી, આભારી, ભવવારી;
દયો તારી, સ્વીકારી આ મારી વાત,
શિવનારી, સુજ પ્યારી, દો સારી,
આવારી, વિદારી કર્મારી જાત. શ્રી. ૧
તું સ્વામી, વિશરામી, ગુણધામી,
શિવગામી, છે અંતરજામી રાજ;
સુર કામી, દુર વામી, નિઃકામી,
પદ પામી, શિરનામી વંદુ આજ. શ્રી. ૨
તું ત્યાગી, સોભાગી, નિરાગી,
લય લાગી, દિલ જાગી ભકિત નાથ;
વડભાગી, સુખ સાગી, થઈ રાગી,
લઉં માગી, દે માણેક મુકિત સાથ. શ્રી. ૩

શાંતિનાથનું સ્તવન.

દર્શન બીન અખીયાં તરસ રહી, એ રાગ.

પ્રભુ શાંતિ ચરણકજ મન મોહ્યું, મન મોહ્યું ભવદુઃખ ખોયું. પ્રભુ. એ ટેક.
કાળ અનંતે પૂરણ પુણ્યે, જિનવર વદન કમળ જોયું. પ્ર. ૧
જબ જિનરાજ મેં નયણે નિરખ્યા, તબ સબ મોહ કુટુંબ રોયું. પ્ર. ૨
મુનિમાણક જિનપદકજ નમતાં, ભવસંચિત પાતિક ધોયું. પ્ર. ૩

શાંતિનાથનું સ્તવન.

સજન મુખડા બતલાવોરે, એ રાગ.

સાહિબ સુણ શાંતિ સલૂણારે, અરજ એક જિનરાજ આજ. સુણ. એ ટેક.
તારણ છો ત્રિભુવનજન ત્રાતા, દેવલોક અમૃતપદ દાતા;
મુજ મનમંદિરમાં ગુણજ્ઞાતા, આવો ધ્યાન પરૂણારે. અ. સુ. ૧
ભવભંજન સમતારસ ભીનો, તું નિજ આતમ સત્તાલીનો;
નાથ નિરંજન અમૂલ નગીનો, વિભુ મુક્તિ વધૂનારે. અ. સુ. ૨
કષ્ટ સકળ સેવકનાં કાપો, અવિચળ ખાયક નવપદ આપો;
મુનિમાણક માહાનંદે થાપો, જરા મરણ વિહૂણારે. અ. સુ. ૩

શાંતિનાથનું સ્તવન.

નિભાવોરે બાંહ્યગ્રહેકી લાજ, એ રાગ.

નિહાળોરે નેક નજર કરી નાથ, એ ટેક.
અચિરાનંદન શાંતિ જિનેશ્વર, સમરૂં શિવપુર સાથ. નિ. ૧
આપ વિના હું દેવ અવરને, જોડું નહીં હવે હાથ. નિ. ૨
કલ્પતરૂને દૂર તજીને, બાવળ કુણ દિયે બાથ. નિ. ૩
નિશદિન રસના પાવન કરવા, ગાઉં તુજ ગુણગાથ. નિ. ૪
પારંગત પરમાતમ પ્યારા, તારો મુજ ભવ પાથ. નિ. ૫
મુનિમાણક મનમોહન સ્વામી, આપો મોક્ષની આથ. નિ. ૬

કુંથુનાથનું સ્તવન.

સાંભળું શા બોલો તમારા રાણી, એ રાગ.

તારજો મને કુંથુજિણંદા પ્યારા, કુંથુજિણંદા પ્યારા. (૨)
તારજો. એ ટેક.
પાવન દર્શન ત્રિભુવન સ્વામી, જ્ઞાનાદિક ગુણ સંપદ ધામી;
ચરણ કમળ પ્રણમું શિરનામી, સ્વામી, ધામી, નામી, જિ. તા. ૧
ઈંદ્રાદિક પ્રભું તુજ ગુણ ગાવે, યોગીશ્વર પણ તુજને ધ્યાવે;
રૂપાતીત દશા પદ પાવે, ગાવે, ધ્યાવે, પાવે, જિ. તા. ૨

મુનિ માણેક તુજ સમરણ કરિયે, કોડી સહસ ભવ પાતક હરિયે
પુણ્ય મહોદય કમળા વરિયે, કરિયે, હરિયે, વરિયે, જિ.તા.૩

અરનાથનું સ્તવન.

રાગ બિહાગ ગજલ.

અહો અરનાથજી સ્વામી, નમું પદ પદ્મને પામી. એ ટેક.
તુમે જગમાં પ્રભુ મોટા, અનેરા દેવ છે છોટા;
નથી તુજમાં કશી ખામી, નમું પદ પદ્મને પામી. ૧
નિરંજન નાથ તું મારો, સદાનું દાસ હું તારો;
હૃદય ભક્તિ ભલી જામી, નમું પદ પદ્મને પામી. ૨
શિવંકર સેવના તારી, કરૂં શુભ ભાવના ધારી;
વળી મિથ્યાત્વને વામી, નમું પદ પદ્મને પામી. ૩
કૃપા કરી કષ્ટને કાપો, સનાતન સૌખ્યને આપો;
નિરૂપમ નામ નિઃકામી, નમું પદ પદ્મને પામી. ૪
વિભુ વૈરી ઘટા વારો, મુનિમાણિક્યને તારો;
મહોદય સંપદા ધામો, નમું પદ પદ્મને પામી. ૫

અથ શ્રીમલ્લીનાથનું સ્તવન.

તું પાછળ પડી મારી, હું તારાથી હારી. એ રાગ.

શ્રીમલ્લિજિનેશ્વર તારી, છે મૂરતી મોહનગારી. એ ટેક.
ઉપશમ રૂચિ અણુ નિપજાવી, નિરખંતાં નયણાનંદ;
મંદરગિરિ હરિ રવિ ચંદ, અધિક ગુણવૃંદ. સદા જયકારી. છે. ૧
ભવ સાગર તારણ તરણી, હરણી કલિમળ દુઃખ દંદ;
કામિત ફળ દાન અમંદ, કલ્પતરૂ કંદ. જાઉં બલિહારી. છે. ૨
મુનિમાણક ત્રિભુવન સ્વામી, દેવાધિદેવ જિણંદ;
સેવું તુજ પદ અરવિંદ, દિયો મહાનંદ. કર્મ સંહારી. છે. ૩

---:o:---

અથ શ્રીમુનિસુવ્રત સ્વામીનું સ્તવન.

મેહેતાજીરે. એ દેશી.

સુવ્રતજીરે વિનતડી અવધારો, પ્રભુ મુજ પાપીને તારો;
સાહેબજીરે સેવક છું હું તમારો, નહિ દેવ અવર નમનારો.
મુજ અવગુણને ન વિચારોરે, હું ઘોર કરમ કરનારોરે;
ઘણા જીવ તણો હણનારોરે, ગુણઘાતીરે જૂઠ વચન બોલ
નારો. પ્રભુ. ૧
જગ ત્રાતારે ચોરીનો કરનારો, વળી શીળનો ભંજનહારો;

પરિગ્રહનીરે મમતા મન ધરનારો, નિત રજનીએ જમનારો;
મદ મચ્છરનો ભંડારોરે, કૂડી શાખતણો ભરનારોરે;
જૂઠાં આળતણા દેનારોરે, જિનરાયારે પણ છે તુમ
આધારો. પ્રભુ. ૨
સુખદાતારે તુમ સરિખો દાતારો, નવિ દીઠો જગ મોઝારો;
કરૂણાકરરે કરૂણા દિલમાં ધારો, હવે ભવજળપાર ઉતારો.
નથી તાર્યા વિના છૂટકારોરે, ગમે તેમ કરીને ઉગારોરે;
આપો જિનમાણિક સુખકારોરે, ઉપગારીરે ભૂલશો નહિં
ઉપગારો. પ્રભુ. ૩

અથ શ્રીમુનિસુવ્રત સ્વામીનું સ્તવન.

રાગ માઢ.

મુનિસુવ્રત તારી, મૂરતિ પ્યારી; મોહન વેલડી.
જોઇ જાઉં બલિહારી, જયોતિઝકારી; મુરતિ પ્યારી, મોહન
વેલડી. એ ટેક.
કોટી ચંદ્ર સૂરજ મેળવીએ, તોએ ન આવે હોડ;
દેવ અનુત્તરથી અધિકેરી, જગમાં જડે નહીં જોડ.
નિરખત નરનારી, મન હરનારી, મૂરતી પ્યારી. મો. ૧
મુગટ મનોહર મસ્તક સોહે, કાંને કુંડળ સાર;
ભાલ તિલક ચળકે ઝલહળતું, કંઠ મોતનકો હાર.

દુઃખદોહગહારી, મંગળકારી; મૂરતી પ્યારી. મો. ૨
આંગી અજબ બની છે અંગે, ચંદન કેસર ચંગ;
બુટ્ટી ગુલાબકી વિચમે બિરાજે, નિરૂપમ નવ નવા રંગ.
રચના સબ ન્યારી, જગ ઉપગારી; મૂરતી પ્યારી. મો. ૩
હરિ હર બ્રહ્મા દેવ અનેરા, જોયા જગત મોઝાર;
મુદ્રા નહીં તુમ સરખી મયાજી, અડવડીયાં આધાર.
નયનાનંદકારી, ચઉગુણ ધારી; મૂરતી પ્યારી. મો. ૪
ગામ સીપોર માંહી જયવંતા, અલબેલા અરિહંત;
જિનમાણિક મુનિસુવ્રતસ્વામી, ભક્તિ વચ્છળ ભગવંત;
પ્રભુ અરજ અમારી, ઉર ઉતારી;
ભવજળતારો; આપજો સારી, શિવસુખ શેલડી. મુ. ૫

નમિનાથનું સ્તવન.

રાગ કાલીંગડો,

પ્રીયા મારીરે પ્રાણ થકી તું છે પ્યારી, એ રાહ.

પ્રભુ પ્યારારે, નમિ જિનવર સોભાગી,
મુજ તુમ ચરણે લય લાગી. એ ટેક.
દોષ અઢાર રહિત હિતકારક, દેવ સકળ વડભાગી;
દર્શન જ્ઞાન અનંત અલંકૃત, પાવનદર્શન ત્યાગી. પ્ર. ૧
લોહ કનક હોય પારસ પામી, તિમ તુજ ધ્યાન અથાગી;
ચેતન પરમાતમ પદ પાવે, પરમાનંદ નિરાગી. પ્રભુ. ૨

રાજુલ વૈરાગે ચડીયાંરે. પ્રીતમ. ૭
સહેસાવન જઈ સંજમ લીનો,
નેમસેં અવિચળ પ્રીતડીયાંરે. પ્રીતમ. ૮
નેમ રાજુલ દોનું શિવપુર પહોચે,
માણિક નમે તસ પાવડીયાંરે. પ્રીતમ. ૯

અથ શ્રીપાર્શ્વનાથનું સ્તવન.

બીક લાગે ભાઈ બાપુ પાસે જાતાં સુજનેરે, એ દેશી.

પાસ પ્રભુ અબ તાર તાર તાર સુજનેરે;
આ ભવ અટવી દુઃખ ભરેલી, જનમ મરણેરે. પાસ. એ આંકણી.
હું મોહ મહિપે નડિયો, નિયતિ નારી વશ પડિયો;
ચારે ગતિમાં રડવડિયો, તારક જાણી શરણે આવો આજ
તુજનેરે. પાસ. ૧
કુમતિ મુજ કેડ ન મૂકે, વિષયાનળ જવાળા ફૂકે;
દુઃખ દેવામાં નવી ચૂકે. નેહ નજર કરી નિવાર દૂર
તેહનેરે. પાસ. ૨
તુમે બળતો નાગ બચાવ્યો, નવકાર મંત્ર સુણાવ્યો;
ક્ષણમાં ધરણેંદ્ર બનાવ્યો, તેમ માણિકને પ્રભુ આપ
મુગતિ સુખનેરે. પાસ. ૩

જિનમાણુક તુમ દર્શન કરતાં, ભવની ભાવટ ભાગી;
મોહાદિક વૈરી બળ વિઘટ્યું, સમકિત વાસના જાગી. પ્રભુ.૩

——:: o ::——

અથ શ્રીનેમનાથનું સ્તવન.

અથ્યહિંદુસ્તાની ઠુમરિ.

પ્રીતમ પ્રીતમ નામ જપું મે.
રૂદન કરૂં દિન રાતડીઆંરે. એ ટેક.
પ્રીતમ મોયે પરદેશમે ચલિયા,
બીન અવગુન હુમ બિછડીયાંરે. પ્રીતમ. ૧
પ્રાણ જીવન બીન કલ ન પડતહે,
તલપ તલપ તપે છાતડીયાંરે. પ્રીતમ. ૨
સાહિબ બીન મોયે કછુ ન સોહાવત,
સુંદર મંદિર સેજડીયાંરે. પ્રીતમ. ૩
ખાનપાન ઓર પેરન સબહી,
પન પીઊ બીન નહીં સુખ ઘડીયાંરે. પ્રીતમ. ૪
અપની પ્રીયાકું દૂરે ત્યજની,
સજ્જનકી નહિં રીતડીયાંરે. પ્રીતમ. ૫
ઉત્તમ જનસેં પ્રીત વધે જયું,
તીસરે પહોરકી છાંયડીયાંરે. પ્રીતમ. ૬
વાલેસર વિરહે દુહવાની,

અથ શ્રીમહાવીર સ્વામીનું સ્તવન.

સીખવજીરે, એ દેશી.

મહાવીરજીરે સુણજો જગ વીશરામી, એક અરજ કરૂં
શિરનામી. એ ટેક.
તુમે અલખ અસેજ અકામીરે, અલવેશ્વર અંતરજામીરે;
ભવતારણરે સાચા છો શિવગામી. એક. ૧
ત્રિશલા માતાના જાયારે, સિદ્ધારથ નૃપ કુલ આયારે;
મનમોહનરે ત્રણ ભુવનના સ્વામી. એક. ૨
તુમે દુઃખ દોહગને ચૂરોરે, મનવાંછિત સહુનાં પૂરોરે;
ઈમ જાણીરે આવ્યો હું અવસર પામી. એક. ૩
ચંડકોશીઓ નાગ ઉગાર્યોરે, તુમે શૂલપાણીને તાર્યોરે;
તમતારોરે મુનિમાણેક સુખધામી. એક. ૪

અથ શ્રીમહાવીર સ્વામીનું સ્તવન.

નમું પદ ગિરિજાપતિને, એ દેશી.

નમું પદ જસોદાપતિને,
ચરમ જિનેશ્વર અંતરજામી, વીરવિભુ વીશરામી;
ગુણધામી, શિવગામી; કાપો યોગતિને. નમું.

રાજા સિધ્ધારથના નંદ, સુંદર જ્ઞાત કુલ નભચંદ;
છેદી દુષ્ટ કર્મના વૃંદ, પામ્યા પદવી પરમાનંદ.
આતમ અનુભવ મંગલકંદ,
કહે મુનિમાણેક નિત્ય પ્રભાતે; વંદુ પદ અરવિંદ.
ગુણધામી, શિવગામી; કાપે ચોગતિને. નમુ.

અથ શ્રીસિદ્ધાચળનું સ્તવન.

પીયુને તજાવનાર વૈરી અલંકાર, એ દેશી.

સિદ્ધગિરી સિદ્ધગિરી ધ્યાવો ભવિ લોક,
પ્રથમ પ્રભુજી પૂજી પાવો પુણ્ય થોક. સિદ્ધ. ટેક.
પેહેલે આરે એ ગિરી એંશી જોજન માન,
સીત્તેર જોજનનું બીજે કહ્યું પ્રમાણ. સિદ્ધ. ૧
સાઠ જોજન તણો તીજે આરે વખાણ,
જોયણ પંચાસનો ચોથા આરામાં જાણ. સિદ્ધ. ૨
પાંચમા આરામાં બાર જોજનનું માન,
સાત હાથ છઠે ઇમ બોલ્યા વર્ધમાન. સિદ્ધ. ૩
એ ગિરિને ગાવે ધ્યાવે વંદે જોડી હાથ,
માણિક કહે તે પામે શિવપુર આથ. સિદ્ધ. ૪

અથ શ્રીપુંડરગિરિનું સ્તવન.

આળસ તજી જગનાથના મંદિરમાંહી જા. એ રાગ.

સુંદર સજી શિણગારને પુંડરગિરિ જા,
મંજુલ ગીતગા;
તંદ્રા વિકથા દૂર નિવારી,
કર આદીશ્વર પદ અર્ચ્યા. સુંદ. ૧
તન ધન યૌવન કંચન માયા,
કરતાં ચેતન દુ:ખ બહુધા. સુંદ. ૨
ઇમ જાંણી જઇ તીર્થ ભૂમીએ,
પ્રભુ પદ પૂજ તું તજી તરખા. સુંદ. ૩
મણિ માણિક મુકતાફળ રત્ને,
તીર્થ વધાવી નિર્મળ થા. સુંદ. ૪

અથ શ્રીસિદ્ધગિરિનું સ્તવન.

જગપતિ અભિનંદન તારકહે. એ રાગ, ઠુમરી પીલુની.

રિસહેસર ભવભય ભંજનહે,
ચાલો ચાલો ચતુરજન, ભેટનકું. રિસહેસર. એ ટેક.

પ્રથમ નરેસર પ્રથમ મુનિશ્વર,
પ્રથમ પ્રભુ રિપુગંજનહે. રિસહે. ૧
સિદ્ધાચળ મંડણ દુઃખ ખંડણ,
ત્રિભુવન જન મન રંજનહે. રિસહે. ૨
પરમાનંદ પરમ પદ ભોગી,
પાવન પરમ નિરંજનહે. રિસહે. ૩
અજર અમર અવિનાશી અનંગી,
અઘ રજ હરણ પ્રભંજનહે. રિસહે. ૪
મનમોહન જિન માણિક દર્શન,
અંબક અમૃત અંજનહે. રિસહે. ૫

અથ શ્રીસિદ્ધાચળજીનું સ્તવન.

રાગ માઢ.

તારૂ તીરથ જાણી, ઉલટ આણી;
સંઘ મળ્યો ઘણો, વિમળાચળ જાવે.
મંગળ ગાવે, નંદ ન માવે; રંગ સોહામણો. એ ટેક.
રમણીક રાજનગર રેહેવાસી, શરૂપચંદ શ્રીમંત;
વંશ વિભૂષણ નંદન તેના, શેઠ મગન ગુણવંત.
રાજનગરથી આવે, સંઘને લાવે, નંદ ન માવે, રંગ.તા.૧
શેહેરથકી મૃગશિરવદ બીજે, સંઘે કરયું પ્રયાણ;

દરવાજા બહાર ડેરા દીધા, માનુ દેવ વિમાન.
સહુ સાજન આવે, ગોરીઓ ગાવે, નંદન માવે, રંગ.તા.૨
સાધુ સાધવી ત્રેસઠ સાથે, પ્રાયે કરે વિહાર;
શ્રાવક શ્રાવિકાનો મોટો, મેળો મળ્યો મનોહાર.
જિનરાજને ધ્યાવે, ભાવના ભાવે, નંદ ન માવે, રંગ. તા.૩
સંઘ ચતુર્વિધ છહરી પાળી, ચાલે ચિત્ત ઉદાર;
સ્વામી વચ્છળ બહુ પકવાને, નિત્ય જમે નિરધાર.
પાલીતાણે ભાવે, અનુક્રમે આવે, નંદ ન માવે, રંગ. તા.૪
નંદવેદ નિધિ સાગરનેમી (૧૯૪૯), સંવચ્છર શુભ તંત;
પોષધવળ સાતમ સોમવારે, ભેટ્યા પ્રથમ ભગવંત.
સંઘવી બહુ ભાવે, સંઘ જમાવે, નંદ ન માવે, રંગ. તા. ૫
ઇણ વિધિ જાત્રા સિધ્ધાચળની, જે કરે ભાવ વિશાળ;
માણિકવિજય કહે તે પ્રાણી, પામે મંગળ માળ.
નિજકર્મ ખપાવે, દુઃખ ગમાવે, સંગમ પાવે, સિધ્ધિ વધૂ તણો,
તારૂ. ૬

રાસડો.

શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો, એ રાગ.

શ્રીજિનવર ભદંત બ્રહ્મ આપી રહયો, આપી રહયો;
જગ વ્યાપી રહયો. શ્રી.

શાખી. દુષ્ટ કરમ દલબલ હણી, પ્રગટી કેવળ નાણ;
સમવસરણ સિંહાસને, બેઠા ત્રિભુવન ભાણ.
સુધાસમાન ભલી વરસાવી દેશના, સંઘ ચતુર્વિધ સ્થાપી રહ્યા;
સ્થાપી રહ્યા, તાપ કાપી રહ્યા. શ્રી. ૧

શાખી. પ્રાતિહારજ આઠશું, શોભે શ્રીજિનચંદ;
પદ પંકજ પ્રેમે કરી, સેવે સુરનર ઇંદ.
પુર નાચે અપછર વૃંદ વાજાં વાજે છે,
સુર દુંદુભિ નાદ રસાળ ગગને ગાજે છે. ૨

શાખી. પરમેશ્વર પરમાતમા, પરમ પુરૂષ પરધાન;
તારણ તરણ શરણ પ્રભુ, દેજો શિવફળ દાન.
ભવ્યસમાજ સુનિમાણક તાહરો, ગુણકલાપ આજ લાપી રહ્યા.
લાપી રહ્યા, મન જાપી રહ્યા. શ્રી. ૩

રાસડો.

પૂનમ ચાંદની ખીલી પૂરી અહીંરે, એ રાગ.

ભક્તિ જિનવરની કરિયે રોચક ભાવથીરે,
છંડી ચિત્ત ચપળતા મંડિ શુદ્ધ વિધાન;
ચેતન પ્યારા મારા પૂજો શ્રીજિનરાજનેરે. ૧

શાખી. નિર્મળ જળ કળશે કરી, ન્હવરાવો ધરિ નેહ;
ચરચો કેસર ચંદગો, જગદીશ્વર જિન દેહ.

ચંપક ચંબેલીને જાસુલ મોગર માલતીરે;
પાવન પુષ્પ ચઢાવો પ્રભુને કરી બહુ માન. ચે. ૨
શાખી. શેલ્હારસ કૃશ્નાગરૂ, ગંધવટી ઘનસાર;
વાસદિશે જિન ધૂપિએ, તો તરિયે સંસાર.
જિનને જમણી દિશે દીપક ઝગમગ થાપિયેરે,
જેથી લહિએ કેવળ દર્શન કેવળજ્ઞાન. ચે.
શાખી. અક્ષત નૈવેદ્ય ફળ ધરી, પૂજી અષ્ટ પ્રકાર;
નાચો નવ નવ રંગથી, ગાવો ગીત ઉદાર.
ઇણ વિધ ભક્તિ યુક્તે જિન માણકને સેવતાંરે;
વરિયે શાશ્વત સુંદર શિવપુર મંદિર ઠાણ. ચે. ૪

આંબીલની ઓળીનો રાસડો.

પૂનમ ચાંદની ખીલી પૂરી અહીંરે, એ રાગ.

સમરી શારદા શારદ વિધુવદની સુદારે,
પ્રણમી ગુરૂપદ ગાશું નવપદ મહિમા સાર;
સેવો સેવો ભવિયાં ભાવે શ્રીસિદ્ધચક્રનેરે. એ ટેક.
શાખી. પહેલે પદ અર્હન્ પ્રભુ, ત્રિભુવન તાત ભદંત;
ભવસાગર તારણ તરી, નમીએ દેવ મહંત.
બીજે સિદ્ધ સુહંકર પ્રણમો પૂરણ પ્રેમથીરે,
કેવળ દર્શન કેવળ જ્ઞાન અનંત ઉદાર. સેવો. ૧

શાખી. ત્રીજે પદ સૂરી નમો, જિન શાસન આધાર;
દીપક સમ જગ દીપતા, છત્રીશ ગુણ ભંડાર.
ચોથે પાઠક પ્રણમો વાદી મતંગજ કેસરીરે,
સુંદર આગમ વાયણ દાયક મુનિ હિતકાર. સેવો. ૨
શાખી. સકળ સાધુ પદ પંચમે, વંદો ભાવ વિશાળ;
સાધે જે શિવ માર્ગને, જ્ઞાન ધ્યાન ઉજમાળ.
છઠ્ઠે ઈગ દુગ તિગ ચઉ પણ દશ સડશઠ ભેદથીરે,
નમીએ દર્શનપદ સઘળા ગુણનો શિણગાર. સેવો. ૩
શાખી. જ્ઞાન નમો પદ સાતમે, પંચ એકાવન ભેદ;
સ્વપર પ્રકાશક જે કરે, જડતાનો ઉચ્છેદ.
અષ્ટમ પદ ચારિત્ર અનંતર કારણ મોક્ષનુંરે,
ભજિયે રિક્ત કરે જે અષ્ટકરમ સંભાર. સેવો. ૪
શાખી. નવમે તપ પદ વંદીયે, રોગ વિઘન અપહાર;
કર્મ ગહનવન દહન જે, લબ્ધિ સિદ્ધિ દાતાર.
એ નવપદમાં ધર્મી પંચ ધરમ ચઉ જાણિયેરે,
દેવ ગુરૂને ધર્મ ઈમાં છે દો તીન ચાર. સેવો. ૫
શાખી. આસો ચૈતર માસમાં, શુદ સાતમથી સાર;
આંબિલ નવ દિન કીજીયે, પડિકમણાં બે વાર.
પડિલેહણ તિમ કરિયે દેવવંદન ત્રણ ટંકનાંરે,
જિન પૂજન ત્રણ વેળા ગુરણું દોય હજાર. સેવો. ૬
શાખી. સાઢાચાર વરશ લગે, ત્રિકરણ જોગ સમાર;
ઇણ વિધિ તપ આરાધિએ, તો તરિએ સંસાર.
શ્રીસિદ્ધચક્ર પ્રતાપે કમળા વિમળા પામિયેરે,
કહે મુનિમાણક પામ્યાં જિમ મયણાં શ્રીપાળ. સેવો. ૭

શીળનું ગીત.

સુંદર સામળિયા. એ રાગ.

મનહર મોહનિયા, સીળ વિમળ નિત પાળો;
મનહર મોહનિયા, મનુષ્ય જન્મ અજુવાળો.
સુંદર સોહનિયા એ.ટેક.
સીળથી સંકટ વિઘન પળાવે, સીળથી મંગળ કમળા પાવે;
સીળથી જગજશકીર્તિ ગાવે, સીળથી રંક ભૂપાળો. મન. ૧
શાખી. સીળ વીહૂણાં માનવી, નિર્ગુણ અશુચિ અસાર;
સીલાલંકૃતિ શોભતા, સુગુણ પવિત્ર ઉદાર. ૨
સીળથી જળ હોય અગનીની જવાળા, સીળથી ફણીધર ફુલની માળા;
સીળથી કેસરી સિંહ શિયાલા, સીળથી વશ વ્યંતર વિકરાલા ૩
શાખી. સીળે સીતા જયવરી, દ્રોપદી ચીર પૂરાય;
સીળે દમયંતી તણા, મુનિ માણક ગુણ ગાય.
મદન વિષય દૂર ટાળો. મન. ૪

---:o:---

અથ શ્રીહીરસૂરી મહારાજનું સ્તવન.

વીરજિનેશ્વર વદન વિધુભવિ કુમુદ નિહાળી, એ દેશી.

તપ ગણ મંડણ ભવદુઃખ ખંડણ, હીરસૂરીં દો,
ભાવ ધરી વંદો; ભાવયણ જિમ પાપ નિકંદો.
અકબરસાહી એકદારે લોલ, હીરસૂરી ગુણ સંપદારે લોલ;
સાંભળી કાગળ મોકલેરે લોલ, ગંધારથી સૂરી નીકળેરે લોલ.
શોળસેં ઓગણચાળીશ જેષ્ઠ કે વદ તેરશે મળ્યારે લોલ,
સાહિ વંદે શ્રીગુરૂ શ્રેષ્ઠ કે મનવંચ્છિત ફળ્યારે લોલ. ૧
શાખી. સુંદર સામૈયું સજી, નગર પ્રવેશ કરાય;
હીરગુરૂ મુખ ચંદ્રમા, જોતાં મન હરખાય. ૨
ધર્મની દેશના સાંભળેરે લોલ, જ્ઞાન તરંગ રંગ ઉચ્છળેરે લોલ;
ભૂપ ભીન્યો કરૂણા જળેરે લોલ, પાપમતિ દૂરે ટળેરે લોલ. ૩
શાખી. ડાબર સરોવર છોડીયાં, પંખી મૃગલાં ભૂર;
છોડયા બંદીવાનને, શ્રી ગુરૂરાજ હજૂર. ૪
અમર પડો નિજ દેશ મઝાર કે શુભ વજડાવીયોરે લોલ,
શ્રીજિન ધર્મ દયામય સાર કે હૈડે ભાવીયોરે લોલ.
શ્રીગુરૂ હીરવિજય નિત નમીયે, અનુભવ ગુણ માણિક
રસ રમીયે. તપ ગણ મંડણ ભવદુઃખ ખંડણ. ૫

અથ શ્રી ગુરૂ પરંપરાનું સ્તવન.

દેશી ઉપર પ્રમાણે.

શાસનનાયક શિવસુખ દાયક વીરને ધ્યાવું,
શ્રીગુરૂરાજ પરંપર મુનિવર મંડળ ગાવું.
વિજયસિંહ સૂરી રાજીયારે લોલ, તપગચ્છ માંહી ગાજી
યારે લોલ;
શિષ્ય સંવેગી તેહનારે લોલ,સત્યવિજય ગુરૂ સોહનારે લોલ.
કપૂરક્ષમા જિન ઉત્તમ નામ કે વિજય વખાણીયેરે લોલ;
પંડિત પદ્મવિજય ગુણધામ કે રૂપ સુજાણીયેરે લોલ. ૧
શાખી. કીર્તિવિજય કૃપાનિધિ, સર્વ મુનિ શિરદાર;
શ્રી ઉદ્યોતવિજય તસુ, અમર ગુમાન વિચાર. ૨
પંન્યાસ પદવીના ધણીરે લોલ,શ્રીપ્રતાપવિજય ગણીરે લોલ;
લબ્ધધર્મ ચિંતામણીરે લોલ, શિષ્ય માણિક શોભા
ધણીરે લોલ. ૩
શાખી. એ શ્રીમુનિમંડળ સદા, ગાતાં પાપ પલાય;
મંજુલ મંગળ માલિકા, રંગ મહોદય થાય. ૪
સંકટ શોક વિઘન ભય રોગ કે દુઃખ દૂરે ટળેરે લોલ,
મન વંછિત કમળા સંજોગ કે સંપદ સહુ મળેરે લોલ.
શ્રીમુનિમાણિક ગુરૂગુણ સમરો, ભવ મકરાકર ઝટપટ
ઉતરો. શાસન.

સમાપ્ત.

અગાઉથી થનાર ધરાકોના નામો.

અમદાવાદ.

૫૧ શેઠ સારાભાઇ મગનભાઇ કરમચંદ
૨૫ શેઠ જગાભાઈ ઉમાભાઇ હઠીસંગ
૨૫ શેઠ અમરતલાલ વાડીલાલ
૨૧ શેઠ લાલભાઇ તીકમલાલ
૨૫ વ. હીરાચંદ પીતાંબરદાસ
૨૫ શા. હરીલાલ છગનલાલ
૨૫ શા. છગનલાલ ઇચ્છાચંદ
૨૧ શેઠ મગનલાલ ઠાકરસી
૨૦ શા. અમીચંદ જેઠાભાઇ
૧૧ શા ખાતે
૧૧ શા. ચમનલાલ વાડીલાલ
૧૦ શ્રી લઘુ જૈન ધર્મ પ્ર. સભા
૧૦ વ. કસ્તુરભાઈ પ્રેમચંદ
૧૦ શા. ચુનીલાલ ઉત્તમરામ
૧૦ મુનસફ વાડીલાલ તારાચંદ
૧૦ શા. ભગુભાઈ જેઠાભાઇ
૧૦ શા. મોતીલાલ લલ્લુભાઇ
૫ શા. સકરાભાઇ હીરાચંદ
૫ શા. સકરાભાઈ કચરાભાઇ
૫ શા. પરસોતમ ઝવેરભાઇ
૫ શા. ડાહ્યાભાઈ મગનલાલ
૫ શા. કાળીદાસ મનસુખરામ
૫ શા. ચમનલાલ ડાહ્યાભાઇ
૫ શા. માણેકલાલ જમનાદાસ
૫ શા. ચમનલાલ માહાસુખ
૫ શા મોતીલાલ છગનલાલ
૫ શા. ચમનલાલ પોપટલાલ
૫ શા. ખેમચંદ મુળચંદ
૫ શા. મગનલાલ ખુશાલદાસ
૫ શા. છોટાલાલ સાંકળચંદ
૫ વૈદ રતનચંદભાઇ છગનલાલ
૫ શા. મહોકમભાઈ છગનલાલ
૫ શા. ચમનલાલ વીરચંદ
૫ શા. લાલભાઈ હીરાચંદ
૫ શા. નહાલચંદ જેઠાભાઈ
૫ શા. આતમારામ નથુભાઇ

૧૦ શા. હરીલાલ હઠીસંગ
૧૦ ઝવેરી લાલભાઇ ડાહ્યાભાઇ
૧૦ શા. મણીલાલ સુરચંદ
૫ શેઠ જમનાભાઈ શવચંદ
૫ વ. છોટાલાલ કાળીદાસ
૫ શા. સાંકળચંદ નગીનદાસ
૫ શા. હરગોવન ઓતમદાસ
૫ શા. મોતીલાલ વીરચંદ
૫ શા. ચુનીલાલ વખતચંદ
૫ શા. છોટાલાલ ચુનીલાલ
૫ શા. નાનચંદ કાળીદાસ
૫ શા. બાલાભાઈ ગલાબચંદ
૫ શા. ભોગીલાલ છગનલાલ
૫ શા. સાંકળચંદ હરીલાલ
૫ શા. સાંકળચંદ બેહચરદાસ
૫ શા. કેશવલાલ છગનલાલ
૫ શા. રાએચંદ તારાચંદ
૫ શા. ચુનીલાલ દોલતરામ
૫ શા. બાલાભાઇ લલુભાઈ
૫ શા. ચકાભાઈ માહાસુખ
૫ શા. મોતીલાલ અચરતલાલ
૪ શા. ચુનીલાલ દલીચંદ
૪ શા. મણીલાલ સાંકળચંદ
૪ શા. નકરાભાઈ મગનલાલ
૪ શા. ભીખાભાઈ કેવળદાસ
૪ શા. સોદાગર. હીરાલાલ કેશવલાલ
૪ શા. મણીલાલ ચુનીલાલ

પાટણ

૩૨ શા. હરખચંદ આલમચંદ

વીશનગર

૨૫ શા. ગોકળભાઈ દોલતરામ

વડનગર

૧૧ શેઠ જીવરામ આશકરણું
૧૦ શા. નગીનદાસ જેઠારામ

માણસા

૧૦ પરીખ કચરાભાઇ સાંકળચંદ

દેથરી

૧૦ શા. નાથજી ગણેશજી

સસપુર

૮ શા. મણીલાલ ચુનીલાલ

સીપોર

૬ મેહેતા વેણીચંદ ડોસાભાઈ

પાદરા

૫ વકીલ મોહનલાલ હેમચંદ

સમી

૫ શા. ગયાચંદ કરશનભાઇ

વીજાપુર

૪ શા. મંગળદાસ ઘેલાભાઈ

લોદરા

૨૨ શા. મણીલાલ દલીચંદ

રાધનપુર

૧૨ ભાભેરા છોટાલાલ હરજીવન

આમોદ

૩૦ શા. નગીનદાસ મુળચંદ

મુંબાઇ.

૨૫ શા. સોમચંદ ધારશી.

આ સીવાયની ઓછી નકલોવાળા ગ્રાહકોનાં નામ પુસ્તક મોટું થઈ જવાથી જગાની તંગાસને લીધે આપી શકયા નથી.